
કિંમત ₹ ૫/-
સળંગ અંક ૮૨ ફેબ્રુઆરી ૨૦૧૪

# શ્રી સ્વામિનારાયણ
માસિક

પ્રકાશનઃ- દર માસની ૧૧ તારીખે

## મૂળી વસંત પંચમી સમૈયો



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧



મૂળી મંદિરમાં વસંત પંચમી, પાટોત્સવ તથા શાકોત્સવ દર્શનની ઝલક





હ્યુસ્ટન (અમેરિકા)મંદિરમાં ઉત્તરાયણ ઉત્સવ







દહેગામ મંદિરમાં
શાકોત્સવ કરતા પ.પૂ. મહારાજશ્રી







શિકાગો (અમેરિકા) મંદિરમાં ઉત્તરાયણ ઉત્સવ



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૭ ● અંક : ૮૨

ફેબ્રુઆરી-૨૦૧૪

(મૂળ વર્ષ ૪૭)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)



**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | સર્વોપરિ શ્યામ નરવિરનામ | ૦૬ |
| ૦૪. | અમદાવાદ શહેર ચોર્યાસી | ૦૮ |
| ૦૫. | શિલ્પી : એક સાચો સત્સંગી | ૧૦ |
| ૦૬. | શિક્ષાપત્રી - માનવ જીવનની દીવાદાંડી | ૧૧ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૨ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૪ |
| ૦૯. | ભક્તિ સુધા | ૨૧ |
| ૧૦. | પ્રશ્ન પેટી | ૨૫ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૭ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● વંશ પરંપરાગત દેશમાં રૂા. ૫૦૧-૦૦ ● વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

ઉત્તરાયણ કાળ પૂર્ણ થયો. આ વરસે શિયાળો ખૂબ ચમક્યો. ક્યાંક કમોસમી વરસાદ પણ પડ્યો. ભગવાન જે કરે તે સૌના સારા માટે કરતા હોય છે. આપણને એવી શ્રધ્ધા પ્રગટવી જોઈએ. આ ઋતુમાં ઘણા ઉત્સવો થયા છે. આ શાકોત્સવની સિજન છે. દર વર્ષે શાકોત્સવ વધતા જાય છે. નાના નાના હરિમંદિરથી લઈ મહા મંદિરોમાં શાકોત્સવ ઉજવાય છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવના દર્શન થાય એ લ્હાવો અલૌકિક હોય છે. પરંતુ હવે શાકોત્સવ એટલા થાય છે કે દરેક જગ્યાએ ધર્મકુળ પણ પહોંચી ન શકે. પરંતુ આવા ઉત્સવોનું હાર્દ તો એજ છે કે, અંત કાળે એનું જો સ્મરણ થઈ આવે તો જીવ પરમ પદને પામે. મહારાજે સમૈયા-ઉત્સવોનું આયોજન તે અર્થે જ કર્યું છે. મૂળી મંદિરમાં વસંતનો સમૈયો - રંગોત્સવ તો સંપ્રદાયમાં અજોડ છે. આવા દર્શન વર્ષમાં એકવાર થાય છે. પણ તેનું સ્મરણ સદાય આપણને રહે છે. માટે ભક્તો આવા સમૈયામાં દર્શન કરવા જરૂર જવું. અને તેનું સ્મરણ તાજું રાખવું. તો ગમે તેવા જીવને પણ અંતકાળે સમૈયો યાદ આવશે તો તેનું અતિ રૂડું થશે. હવે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ મહોત્સવ આવશે. તેના દર્શન જરૂર કરજ્યો.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

## (જાન્યુઆરી-૨૦૧૪)



૧ શ્રી સ્વામિનારાયણ મંદિર સરલી (કચ્છ) પધરામણી.
૨ શ્રી સ્વામિનારાયણ મંદિર મારૂસણા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૩ હળવદ ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૪ શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ કથા પ્રસંગે પધરામણી.
૫ શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ શાકોત્સવ પ્રસંગે પધરામણી.
મોટેરા શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૬-૭ શ્રી સ્વામિનારાયણ મંદિર વેકરા (કચ્છ) પધરામણી.
૮. શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુંડાલ કથા પ્રસંગે પધરામણી.
૯ માણેકપુર ગામે પધરામણી.
૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી પ્રસાદીની જ્ઞાનવાવે શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૧-૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ ધનુર્માસ ધૂનની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે થઈ.
૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર દહેગામ શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૬ શ્રી સ્વામિનારાયણ મંદિર જમીયતપુરા કથા અને શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૭ પ.ભ. અશોકભાઈ ઉમેદરામભાઈને ત્યાં પધરામણી (ઈટાદરાવાળા) શાહીબાગ.
પ.ભ. વિજયભાઈ પ્રભુદાસ મીસ્ત્રીને ત્યાં પધરામણી, ઘાટલોડીયા
પ.ભ. મહેન્દ્રભાઈ ડાહ્યાભાઈ ઠક્કરને ત્યાં પધરામણી, થલતેજ.
સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિર મહાદેવનગર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર કુહા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર ઈટાદરા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. નટુભાઈ રતિલાલ પ્રજાપતિને ત્યાં પધરામણી સાબરમતી.
પ.ભ. રમેશભાઈ પ્રહલાદભાઈ પટેલ (દુધવાળા-જમીયતપુરાવાળા)ને ત્યાં લગ્ન પ્રસંગે પધરામણી.
૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ઘનશ્યામનગર (તા. હળવદ-મૂળીદેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૨ પ.ભ. ગોરધનભાઈ વાલજીભાઈ સીતાપરાને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, બાપુનગર.
બાલવા ગામે પ.ભ. સમીર ચૌધરીને ત્યાં પધરામણી.
(૬, ડિસેમ્બર શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર શાકોત્સવ પ્રસંગે પધરામણી.)

# સર્વોપરિ શ્યામ નરવિરનામ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને મુમુક્ષુના આત્યંતિક કલ્યાણનું સદાવ્રત અખંડ રાખવા ત્રણ ગૂઢ સંકલ્પ કર્યા. દેવ, શાસ્ત્ર અને ધર્મવંશી આચાર્ય. સ્વહસ્તે શિક્ષાપત્રી લખી અને સ્વમુખે વચનામૃત કહ્યાં તેમજ દેશ વિભાગનો લેખ લખાવ્યો અને સંતો પાસે શાસ્ત્રોની રચના કરાવીને શાસ્ત્રોનો સંકલ્પ પૂર્ણ કર્યો. અમદાવાદમાં સર્વ પ્રથમ મંદિર સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામી પાસે બંધાવી તેમાં સ્વહસ્તે પોતાનું જ સ્વરૂપ શ્રી નરનારાયણદેવની મૂર્તિયો બાથમાં લઈ પધરાવી એમ કુલ નવ મંદિરોમાં મૂર્તિયો પધરાવી મંદિરોમાં શુદ્ધ ઉપાસનાની પ્રવૃત્તિના શ્રીગણેશ કર્યા. તે મંદિરોમાં પોતાના જ સ્વરૂપ છે એમ કહી એકેશ્વર વાદના સિદ્ધાન્તનો પ્રચાર પ્રસાર કર્યો. વળી ત્રીજા સંકલ્પમાં ત્યાગી ગૃહીના ગુરુપદે ધર્મવંશી આચાર્ય પદની અમદાવાદ-વડતાલની ગાદી પર સ્વહસ્તે દત્તકપુત્ર તરીકે અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીની સ્થાપના કરીને ત્રણેય ગૂઢ સંકલ્પો સમકાલીનમાં જ પરિપૂર્ણ કર્યા. ત્રણેય સંકલ્પોમાં સર્વ પ્રથમ મંદિરોની શરૂઆત કરી ત્યારે કેટલાક લોકો પૂછવા લાગ્યા કે વૈષ્ણવ-શૈવ અને શક્તિના આટલા બધા મંદિરો હોવા છતાં શા માટે અલગ મંદિરો બનાવવાની જરૂર પડી. મંદિરો દ્વારા આધ્યાત્મિક જગતમાં શું પૂરક બનવા માગો છો ? શ્રીહરિ કહે ભગવાનના અવતારોના નામે જે ભેદ માનવામાં આવે છે, એક બીજાના ઈષ્ટદેવનો દ્રોહ કરવામાં આવે છે એટલે અમે વેદોમાં કહેવામાં આવેલ એકેશ્વરવાદના સિદ્ધાન્તને અનુમોદન આપીએ છીએ. ભગવાન એક અવતારો બધા જ એક ભગવાનના જ છે. અમદાવાદના મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ અને અક્ષરધામના સ્વરૂપમાં જરાપણ ભેદ નથી. એટલે કે શ્રીજી મહારાજનું સ્વરૂપ અને શ્રી નરનારાયણદેવમાં કોઈ ભેદ નથી. શ્રી નરનારાયણદેવના રૂપે સ્વયં સ્વામિનારાયણ ભગવાન છે. **શ્રી નરનારાયણદેવ અને અમારામાં જે ભેદ કહેશે - લખશે કે યુક્તિથી કહેશે તે આગળ જતાં અસુર થશે તેની ઉપાસના ખંડિત થશે તે ભલેને મોટો ત્યાગી, વૈરાગી, જ્ઞાની, તપસ્વી હોય પણ શુધ્ધ ઉપાસનાની સમજણ છે જે ભગવાનના અવતારો એક જ ભગવાનના જ છે** - શ્રીજી મહારાજે ગ.મ. ૧૩ માં સ્વમુખે કહ્યું : ''સર્વ અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે. અને તે અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વ અવતારોનું કારણ છે.'' **આટલું સ્પષ્ટ વચન હોવા છતાં અધમ પાપી લોકો શ્રી નરનારાયણદેવ આદિ દેવોને ઉતારી પાડે છે. અને કહેવાતા હરિભક્તો પલાંઠી વાળીને સાંભળતા જ રહે છે)" તે જ ભગવાન રામ કૃષ્ણાદિકરૂપે કરીને પોતાની ઈચ્છાએ જીવોના કલ્યાણને અર્થે યુગયુગને વિષે પ્રગટ થાય છે."** બીજા શાસ્ત્રો કે વાતો વાંચીને ઉપાસનામાં કાંઈ કચાસ રહે તો વચનામૃત વાંચીને શુદ્ધિ કરવી. વચનામૃત ઉચ્ચ ન્યાયાલયનું જજમેન્ટ છે. ટોટલ ૨૭૩ વચનામૃત પૈકી (૩૧) એકત્રીશ વાર શ્રીજી મહારાજે કહ્યું છે. સર્વ અવતારો રૂપે અમે જ છીએ. રામ કૃષ્ણાદિક અવતારો કોઈ દૂત કે દાસ નથી. પરન્તુ સ્વયં સ્વામિનારાયણ ભગવાન છે. તે એવા તો સમર્થ છે કે જ્યારે જેવું રૂપ લેવાની જરૂર પડે જ્યારે જેટલું જેવું ઐશ્વર્ય પ્રગટ કરવાની જરૂર પડે ત્યારે એટલું જ ઐશ્વર્ય પ્રર્વતાવે છે. પોતાના ઐશ્વર્યને છુપાવે એ ભગવાન પણું છે.

સંપ્રદાયમાં જેને શ્રીજી મહારાજે ભગવાન જેવા કહીને દાખલો આપ્યો એવા મુક્તાનંદ સ્વામીની રચના જે સર્વ પ્રથમ રચના કાલવાણીમાં આરતી કહી. ''નારાયણ નર ભ્રાતા દ્વિજકુળ તનુ ધારી'' એમ કહીને બદરિકાશ્રમમાં તપ કરતા ઋષિરૂપ ભગવાન શ્રી નરનારાયણ થકી શાપ દુર્વાશાનો અંગીકાર કરી સ્વયં પૂર્ણપુરુષોત્તમ પ્રગટ થયા. એનો અર્થ એવો જાણવો કે અક્ષરધામના સ્વરૂપ અને નરનારાયણ અવતારને વિષે કોઈ ભેદ નથી. સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના સમયથી

મંદિરોમાં સંધ્યા આરતી પછી જે રામકૃષ્ણગોવિંદ ધૂન તાલી પાડીને ગાવામાં આવે છે તેમાંય છેલ્લે નરનારાયણ નરનારાયણ ગવાય છે.

વળી વચનામૃત અમદાવાદ-૪ માં કહ્યું કે ''સર્વેના સ્વામી એવા જે પુરુષોત્તમ નારાયણ તે પ્રથમ ધર્મદેવ થકી મૂર્તિને વિષે શ્રી નરનારાયણ રૂપે પ્રગટ થઈને બદરિકાશ્રમને વિષે તપ કરે છે અને વળી તે શ્રી નરનારાયણ તે પૃથ્વીને વિષે કોઈક કાર્યને અર્થે મત્સ્ય, કચ્છ, વરાહ, વામન, રામકૃષ્ણાદિક જે દેહ ગ્રહણ કરે છે.'' નરનારાયણ સર્વે અવતારના કારણ છે ને શ્રી નરનારાયણને વિષે જે મરણ ભાવ કલ્પે છે તેને અનેક દેહ ધરવા પડે છે, ને ચોરાશીનાં દુઃખનો અને યમપુરીના દુઃખનો તેને પાર આવતો નથી.''

વળી અમદાવાદ વચનામૃત-૬ માં કહ્યું કે, પોતે નરનારાયણરૂપે કરીને ધર્મથકી ભક્તિને વિષે પ્રગટ થાય છે તે માટે આ શ્રી નરનારાયણને અમે અમારૂ રૂપ જાણીને અતિ આગ્રહ કરીને સર્વેથી પ્રથમ આ શ્રીનગર (અમદાવાદ)ને વિષે પધરાવ્યા છે. માટે આ શ્રી નરનારાયણને વિષે ને અમારે વિષે લગારે પણ ભેદ સમજવો નહિ.'' વળી અમદાવાદ-૮ માં કહ્યું કે સામર્થી પામીને એમ જાણે જે, હું જ મોટો છું એમ જાણીને અહંકાર આવવા દેવો નહિ. શ્રી નરનારાયણની કરુણાયે કરીને હું મોટપ પામ્યો છું.''

વળી જેતલપુર-૫ માં કહ્યું કે; ''કેમ કે અમે તો ભગવાન જે નરનારાયણ ઋષિ તે છીએ. અંતકાળે દર્શન આપીને અક્ષરધામ પમાડીએ છીએ. તે અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ તે જે પ્રથમ ધર્મદેવ થકી મૂર્તિનામે દેવી જેને ભક્તિ કહીએ તેને વિષે શ્રી નરનારાયણ ઋષિ રૂપે પ્રગટ થઈને બદરિકાશ્રમને વિષે તપ કરતા હવા. ને તે નરનારાયણ ઋષિ આ કલિયુગને વિષે પાખંડી મત તેનું ખંડન કરવા અધર્મનો નાશ કરવા ધર્મના વંશને પૃષ્ટ કરવા ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તેણે સહિત જે ભક્તિ તેને પૃથ્વીને વિષે વિસ્તારવા સારુ શ્રી ધર્મદેવ થકી ભક્તિને વિષે નારાયણ મુનિ રૂપે પ્રગટ થઈને આ સભાને વિષે બિરાજે છે. અમે વારે વારે શ્રી નરનારાયણદેવનું મુખ્યપણું લાવીએ છીએ તેનું હાર્દ એજ છે જે, શ્રીકૃષ્ણ પુરુષોત્તમ અક્ષરધામના ધામી જે શ્રી નરનારાયણ તે જ આ સભામાં નિત્ય બિરાજે છે. તે સારું મુખ્યપણું લાવીએ છીએ અને તે સારું અમે અમારુ રૂપ જાણીને લાખો રૂપિયાનું ખરચ કરીને શિખરબધ્ધ મંદિર અમદાવાદમાં કરાવીને શ્રી નરનારાયણની મૂર્તિયું પ્રથમ પધરાવી છે. તમે જો અમારું વચન માનશો તો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં તમને સર્વેને તેડી જાશુ અને તમે પણ જાણજો અમારું કલ્યાણ થઈ ચૂક્યુ છે. ગઢડા પ્ર. ૪૮ માં કહ્યું કે નરનારાયણને તો અમારે સુધા મન મેળાપ છે. પંચ વર્તમાનમાં રહીને શ્રી નરનારાયણદેવની પૂજા કરશો ત્યાં સુધી મૂર્તિને વિષે શ્રી નરનારાયણ વિરાજમાન રહેશે એમ અમારી આજ્ઞા છે. વળી સારંગપુર-૧૬ માં કહ્યું કે શ્રી નરનારાયણ ઋષિ જે તે બદરિકાશ્રમમાં રહ્યાં થકા ભરત ખંડના સર્વ મનુષ્યના કલ્યાણ અર્થે અને સુખને અર્થે તપ કરે છે. વળી ગ.પ્ર. ૭૪ માં પણ શ્રી નરનારાયણદેવના દાસ થઈને રહેવાની આજ્ઞા કરી છે. ''તે નરનારાયણ સાક્ષાત્ ભગવાન છે.''

શ્રીજી મહારાજે અમદાવાદ અને ભૂજમાં માત્ર શ્રીનરનારાયણદેવની મૂર્તિયો પધરાવી છે એવું નથી. મૂળી, વડતાલ, જુનાગઢ માં પણ શ્રી નરનારાયણદેવની મૂર્તિયો શ્રીજી મહારાજે સ્વહસ્તે પધરાવી છે. પણ કેટલાક મંદિરોમાં રણછોડ-ત્રિકમરાય કહેવામાં આવે છે. અમદાવાદ-ભૂજ અને જુનાગઢમાં મધ્ય મંદિરને વિષે શ્રી નરનારાયણદેવ શ્રીજી મહારાજે પધરાવ્યા છે.

(જગદ્‌ગુરુ શારદાપીઠના શંકરાચાર્ય દ્વારા પ્રેરિત ઉદ્ધવ સંપ્રદાયના સિદ્ધાંતોનો વિવાદ ઉભો કરી શાસ્ત્રાર્થ રાખ્યો તેમાં પ્રશ્નો પૂછવામાં આવ્યા ત્યારે અમદાવાદના સાતમાં વચનામૃતથી આપણો વિજય થયો તેની વિગત આવતા અંકે.)

સ્કંદ પુરાણ વિષ્ણુખંડના વાસુદેવ મહાત્મ્ય અધ્યાય-૧૮ માં લખ્યું કે ભરતખંડમાં શ્રી નરનારાયણદેવ થકી અવતારો પ્રગટ થાય છે. આપણા ઈષ્ટદેવના માતા પિતા અને શ્રી નરનારાયણ ભગવાનના માતા-પિતા ધર્મ-ભક્તિ એકજ છે.

# અમદાવાદ શહેર ચોર્યાસી

- સાધુ ગુરુપ્રસાદદાસ (કાંકરિયા)

વિક્રમ સંવત ૧૮૭૮ ફાગણ સુદ-૩ ના શુભદિને અમદાવાદ શહેરમાં મહાપ્રભુ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવને ખૂબ ધામધૂમથી પધરાવ્યા. મહોત્સવમાં સર એન્ડ્રી ડનલોપે ખૂબ સહયોગ આપ્યો. પછી આગેવાન હરિભક્તો તથા સંતોની ઈચ્છાથી બ્રાહ્મણોની ચોર્યાસી કરવાની વાત થઈ. પ્રભુએ આનંદ સ્વામીને કહ્યું કોઠારમાં રૂપિયા હોય તો ચોર્યાસી કરીએ. સ્વામીએ કહ્યું કે કોઠારમાં તો કાંઈ જ નથી પણ લાલદાસ ગોરા પાસે થોડા રૂપિયા છે. લાલદાસ ગોરાને બોલાવી શ્રીહરિએ પૂછ્યું તમારી પાસે કેટલા રૂપિયા છે ? પ્રભુ સાત હજાર રૂપિયા છે.

એ રૂપિયા તમે ચોર્યાસી કરવા આપશો ? પ્રભુ ઘરના માણસ ને પૂછવું પડે. તો જલદી પૂછી આવો. લાલદાસભાઈ ઘરે ગયા અને પૂછ્યું આપણી પાસે રૂપિયા છે. ભગવાનને જરૂર છે. તો શું કરીશું. એટલે ઘર વાળાએ ખૂબ ઠપકો દીધો. અરેરે ! આવી જાહોજલાલી શ્રીજી મહારાજે આપી છે. આ બધું એમણે જ આપ્યું છે. એમાં મને શું પૂછવાનું હોય, આપણે રળી ખઈશું. લાલદાસભાઈ સાત હજાર રૂપિયા લઈને આવ્યા અને પ્રભુ પાસે મુક્યા. ભગવાને આગેવાન બ્રાહ્મણોને બોલાવીને ચોર્યાસી જમવાની વાત પૂછી. ભૂદેવ કહે છે કે સ્વામિનારાયણ તમે આ શું કહો છો. ચોર્યાસી કરવી હોય તો છ મહિના પહેલા તૈયારી કરવી પડે. તમે મશ્કરી તો નથી કરતા ને ? નહીં નહી ભૂદેવો, તમે અમારી ચોર્યાસી જમવાની હા પાડો. તૈયારી કરવી અમારું કામ. બ્રાહ્મણોએ હા પાડતા જ શહેરમાંથી ઘઉં, લોટ, ખાંડ, સાકર, ઘી ની પુષ્કળ ખરીદી થઈ. શ્રીહરિના સંકલ્પ માત્રથી જ એક દિવસમાં તૈયારી શરૂ થઈ ગઈ.

કાંકરિયાની પાળે સીધું સામગ્રીના ગંજ ખડકાઈ ગયા. ભૂદેવો ચૂલા બનાવીને લાડુ બનાવવા લાગ્યા. ગામડેથી ઘી ના ગાડાં ભરાઈને આવવા લાગ્યા. ભૂદેવો સંપથી કામ કરતાં હતાં. ઘી નું ગાડું જોઈને વિચાર




બદલાયો. અલ્યા પેલું ઘી નું ગાડું આવે છે. ત્યાં જઈને ખેડૂતને સમજાવીને એકાદ ગાડું બીજા રસ્તે લઈ જાય તો છ મહિના ઘી ખાશું. અને એક બ્રાહ્મણે ગાડું હંકાર્યું પરંતુ ચોર્યાસીના રસોડા ઉપર આગેવાન નિષ્કુળાનંદ સ્વામીએ ગાડું રસોડા તરફ હંકાર્યું પોતાના કાર્યમાં વિઘ્ન આવ્યું હોય તેમ માનીને ખીજાયેલા બ્રાહ્મણે સ્વામીને બચકું ભરી દીધું.

ફાગણ સુદ પાંચમના બ્રાહ્મણોની મોટી પંગતો પડી. લાડુ ખૂબ જમાડ્યા. સાંજના સૂર્યાસ્ત પહેલા અગણિત બ્રાહ્મણો હાથમાં સવા સવા રૂપિયો દક્ષિણા લઈને વિખરાવવા લાગ્યા. બ્રાહ્મણોની ભોજન વિધિ અદ્‌ભુત હતી. કેટલા લાડુ જમ્યા ? એમ પૂછનારો એ વખતે અજ્ઞાની ગણાતો. એતો કેટલા વેદ ભણ્યા ? કેટલા પુરાણ? કેટલા શાસ્ત્રો ? એમ પૂછાતું. સામેથી જવાબ પણ એ રીતે જ મળે. ચાર વેદ ભણ્યા છીએ. કોઈ કહે અમે ચાર વેદ અને છ શાસ્ત્રો ભણ્યા છીએ. તો કોઈ શૂરવીર ભૂદેવ જવાબ આપતા ચાર વેદ છ શાસ્ત્ર અઢાર પુરાણ ભણી લીધા છે.

આ રીતે કાંકરિયાની પાળે હજારો ભૂદેવોને લાડુ ખવરાવ્યા. લાખો ભક્તો જમ્યા. લાડુના અખૂટ ઢગલા પડ્યા હતાં. જ્ઞાનીજનો જાણી શક્યા કે આ મનુષ્ય

શરીરધારી પરમાત્માને કશું જ અશક્ય નથી. શ્રીહરિએ પોતે પોતાના પ્રિય સ્વરૂપ પધરાવીને સાધુ બ્રાહ્મણ સત્સંગી વગેરે ને લાડુ જમાડ્યા.

હનુમાનજી દાદાની સ્થાપના

કાંકરિયાની પવિત્ર ભૂમિ પર આજથી બસો વર્ષ પૂર્વે સંપ્રદાયના સર્વ પ્રથમ ધર્મકુળના આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે જે જગ્યાએ સ્વામિનારાયણ ભગવાન બિરાજતા હતા તે પ્રસાદીના ઓટલા ઉપર બાલ સ્વરૂપ કષ્ટભંજનદેવની સ્થાપના કરેલ. અને અયોધ્યાપ્રસાદજી મહારાજે હનુમાનજી મહારાજને વિનંતી કરી કે આ જગ્યા ઉપર બિરાજીને તમામ ભક્તોની રક્ષા કરજો. અને ભક્તોના મનોરથ પૂર્ણ કરજો. તે પ્રતાપ આજે પણ પ્રત્યક્ષ દેખાય છે અને હજારો ભક્તો દર્શન કરીને પોતાને ધન્યતા અનુભવે છે.

ઉપર મુજબ કાંકરિયા મંદિર દ્વારા દર સાલ ફાગણ સુદ પાંચમના દિવસે શહેર ચોર્યાસી મહોત્સવ તથા ભગવાનનો વાર્ષિક પાટોત્સવ ઉજવાય છે. આગામી તા. ૫-૩-૧૪ ના ફાગણ સુદ-૫ ના ચોર્યાસી મહોત્સવ, વાર્ષિક પાટોત્સવ કથા આદિ પ્રસંગો સમગ્ર ધર્મકુળની નિશ્રામાં ઉજવાશે.



**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

www.swaminarayan.info

www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૩૦ ● શયન આરતી ૨૦-૧૫

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**

**shreeswaminarayan9@gmail.com**

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com

# શિલ્પી : એક સાચો સત્સંગી

- મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

અમદાવાદ કોલેજમાં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી પોતાના વતનમાં પોતાના ગામમાં શિખરબંધ નવા મંદિરનું નિર્માણ કાર્ય જોવા ગયો. અહીં એક કલાકાર શિલ્પી એકાગ્રતાથી સંગેમરમરના (આરસપહાણના) શ્વેત પથ્થરમાંથી ઘનશ્યામ મહારાજની મૂર્તિ ઘડી રહ્યો હતો. આગંતુક વિદ્યાર્થી આ શિલ્પીની બાજુમાં બેસી ગયો. એકાએક એનું ધ્યાન બાજુમાં પડેલી એવી જ અન્ય એક મૂર્તિ પર પડ્યું. તેણે શિલ્પીને પૂછ્યું : ''મંદિરમાં એક સરખી આ બે મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવાની શી જરૂર !'' ઘનશ્યામ મહારાજની મૂર્તિ તો ખરેખર સુંદર છે.

''ના, જરૂર તો એક જ મૂર્તિની છે, પણ આ બીજી મૂર્તિમાં થોડુંક નુકસાન થવાથી છેલ્લી ઘડીએ પડતી મૂકવી પડી છે.''

પેલા વિદ્યાર્થીએ ઊભા થઈને પડતી મૂકાયેલી મૂર્તિને ચારે તરફથી તપાસી જોઈ. આ લબ્ધ પ્રતિષ્ઠિત કલાકાર દ્વારા કંડારેલી મૂર્તિમાં કોઈ જગ્યાએ કાંઈ પણ નુકસાન ન દેખાયું. અરે ! આ મૂર્તિ તો અખંડિત છે. તમને આમાં કઈ જગ્યાએ નુકસાન દેખાય છે ?

''એકાગ્રતામાં ખલેલ પડવાથી મૂર્તિની નાસિકા (નાક) પાસે એક નાનો ઘસરકો થઈ ગયો !'' શિલ્પીએ કહ્યું.

વિદ્યાર્થીએ ફરીવાર ધ્યાનથી જોયું ત્યારે એને સહેજ, નાનો એવો ઘસરકો દેખાયો. ''અરે ભલા આદમી ! આ મૂર્તિની સ્થાપના તો તમે શિખરબંધ મંદિર હોવાથી સિંહાસનમાં કરાવશો. દસેક ફૂટ દૂરથી વળી કોણ જોવાનું છે કે નાસિકા પર નાનો એવો ઘસરકો છે ?

આ ચૂસ્ત સત્સંગી કલાકારે પોતાનું કામ અટકાવીને વિદ્યાર્થી સામે જોયું, પછી શિલ્પી હસીને બોલ્યો : ''ભાઈ, બીજું કોઈ આ વાત જાણે કે નહિ એની મને ખબર નથી, પરંતુ હું અને મારા ઈષ્ટદેવ શ્રી ઘનશ્યામ મહારાજ તો નાસિકા પરના નાના એવા ઘસરકાને તો જાણીએ છીએ ને?''

આટલા શબ્દો કહીને શિલ્પીએ એકાગ્રતાપૂર્વક પોતાનું કામ ફરીથી શરૂ કરી દીધું. આગંતુક શિલ્પીને એકીટશે જોઈ રહ્યો ! ''અરે ! તું જ છીણી, તું જ શિલ્પી અને પથ્થર પણ તું; ઘડી લે આકાર જીવનનો, જેવો તું ચાહે તેવો તું.''

## પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૧૯૨ મા પાટોત્સવ તથા કથાનો મંગલ કાર્યક્રમ

**કથાનો પ્રારંભ :** મહાવદ-૩૦ તા. ૧-૩-૨૦૧૪ ને શનિવાર

**કથાનો સમય :** સવારે ૮-૦૦ થી ૧૦-૩૦ અને સાંજે ૩-૪૫ થી ૬-૪૫ સુધી

**શ્રીહરિયાગ હોમાત્મક મહાપૂજા :** ફાગણ સુદ-૧ તા. ૨-૩-૨૦૧૪ ને રવિવાર સવારે ૮-૦૦ થી ૫-૦૦ સુધી

**ફાગણ સુદ-૨/૩ તા. ૩-૩-૨૦૧૪ સોમવાર**

**મંગળા આરતી :** સવારે ૫-૦૦ કલાકે

**ઠાકોરજીનું પૂજન :** સવારે ૫-૦૦ થી ૬-૩૦

**શ્રી નરનારાયણદેવનો ષોડશોપચાર મહાભિષેક :** સવારે ૬-૩૦ થી ૭-૦૦ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર મહાભિષેક ધામધૂમથી સંપન્ન થશે.

**શણગાર આરતી :** સવારે ૮-૩૦ કલાકે

**પાટોત્સવ તથા પારાયણની પૂર્ણાહુતિની પ્રાસંગિક સભા :** સવારે ૯-૩૦ કલાકે

**અન્નકૂટ અને રાજભોગ આરતી :** સવારે ૧૧-૦૦ કલાકે

**અન્નકૂટ દર્શન :** સવારે ૧૧-૦૦ થી ૩-૦૦

# શિક્ષાપત્રી - માનવ જીવનની દીવાદાંડી

- અતુલ પોથીવાલા (મેમનગર-અમદાવાદ)

અફાટ જળરાશિ ભરેલા સમુદ્રમાં જો દીવાદાંડી ના હોય તો ગમે તેવા મોટા જહાજને પણ કિનારો શોધવામાં મુશ્કેલી પડે છે તેવી જ રીતે સંસાર-સાગરમાં વહેતા રહેતા અનેક મનુષ્યજીવો માટે શિક્ષાપત્રી દીવાદાંડી સમાન છે.

સ્વામિનારાયણ ભગવાનનો ભક્ત દુઃખી ના જ હોય તેવું વરદાન તેમણે તેમના ભક્તોના આચારધર્મ મારફતે જ સફળ બનાવ્યું છે. શિક્ષાપત્રીમાં આચાર અને વ્યવહાર ધર્મના તળપદાં સૂત્રો છે. આ પ્રમાણે કોઈપણ માણસ જીવે તો તેને ઘણાં બધાં દુઃખો પડે જ નહિ. નિષ્કામ કર્મના સિદ્ધાંતને પુષ્ટિ આપીને પણ વ્યવહાર-કર્મનું મહત્વ તેમણે સમજાવી દીધું છે. આપણા દેશમાં જ્યાં ભાગ્ય અને કર્મના સિદ્ધાંતો નિષ્ક્રિયતા, ઉદાસીનતા અને છેક પ્રમાદવૃત્તિને પોષવાનાં બહાનાં તરીકે ખોટી રીતે આગળ થયાં છે ત્યાં ભગવાન સ્વામિનારાયણે એક સ્વસ્થ નાગરિક સ્વસ્થ અને તંદુરસ્ત જીવન જીવીને પૃથ્વી પરનું પોતાનું જીવન નિરુપદ્રવી રીતે શ્રીહરિ-ભક્તિમાં અને માનવ સેવામાં કઈ રીતે વ્યતિત કરી શકે તેનો સંદેશો શિક્ષાપત્રી દ્વારા આપીને હકીકતે એક નવો જ મંત્ર આપ્યો છે.

શિક્ષાપત્રીમાં બાઈ-ભાઈનાં અને એમાંય ગૃહસ્થ અને ત્યાગીનાં જે સામાન્ય ધર્મો અને વિશેષ ધર્મો સમજાવવા છે તેમાં આદર્શ નીતિશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, સમાજ શાસ્ત્ર અને નાગરિક શાસ્ત્રનું સુંદર સંકલન જોવા મળે છે. ગમે તે દેશ હોય પરંતુ તે દેશમાં વસતો માણસ આદર્શ નાગરિક કેવી રીતે બની શકે તેનું સુંદર નિરુપણ શિક્ષાપત્રીમાં છે. સ્થુળ પંચવર્તમાન અને સુક્ષ્મ પંચવર્તમાનનું અદ્‌ભુત સંકલન કરીને શિક્ષાપત્રીમાં નિયમો રૂપે વણી લીધાં છે અને તે પ્રમાણે જીવન જીવવાથી જીવન 'નિરસ' નહિ બલ્કે 'સરસ' બની રહે, તેવું એમાં સામર્થ્ય છે !

"હું માનવી માનવ થાઉં તો ઘણું !" એવું એક કવિએ ગાયું છે. શ્રી સહજાનંદ સ્વામી મહારાજની શિક્ષાપત્રી માણસને "માનવ" જ નહિ પરંતુ "મહા-માનવ" બનાવી શકે તેવી કાયા-કલ્પતા ધરાવે છે. અને એ જ તો કર્ણધાર એવા શ્રીહરિનો કરિશ્મા છે ને ?

આખરે મનુષ્ય પણ એક સામાજિક પ્રાણી છે, જેમ પંચ વિષયનાં આહાર વિના ઘડી માત્ર પણ રહેવાતું નથી તેમ સમાજથી અલિપ્ત રહીને પણ માણસ રહી શકતો નથી. જીવનમાં ડગલે ને પગલે સમસ્યારૂપે આવતી વિટંબણાઓને એમણે પાળવાં જેવાં ખૂબ સાદા નીતિ-નિયમોના અનુસરણથી કેવી રીતે દૂર કરી શકાય એ સરસ રીતે સમજાવ્યું છે.

"હે અર્જુન ! કરવા યોગ્ય અને ન કરવા યોગ્યનો નિર્ણય કરવામાં તારે માટે (સનાતન) શાસ્ત્રો જ શ્રેષ્ઠ પ્રમાણ છે. માટે શાસ્ત્રોએ જે કર્મો કરવાનું વિધાન કરેલું હોય, તે જાણીને તારે કર્મ કરવું એ જ યોગ્ય છે." (શ્રી ભગવદ્ ગીતા અધ્યાય ૧૬ શ્લોક ૨૪)

શ્રીકૃષ્ણ ભગવાનના આ ઉપદેશને અત્યંત હાથવગો બનાવીને શ્રીહરિએ આપણને "રેડી-મેઈડ ફોર્મ્યુલા"ના સ્વરૂપે શિક્ષાપત્રીમાં આપી દીધો છે ! કોઈ શાસ્ત્રો ઉલેચવાની મથામણ કરવાની જરૂર નથી. જેમ શિક્ષાપત્રીમાં છે તેમ જ જીવન વ્યતીત કરવાનું છે. સર્વે શાસ્ત્રોના સારરૂપ એવી શિક્ષાપત્રી છે. પછી કશી ફિકર કરવી પડે તેમ નથી !

સમગ્ર શિક્ષાપત્રીનું આલેખન આજ્ઞા સ્વરૂપે છે એટલે એને ૨૧૨ શ્લોકોની "નિયમાવલિ" કે પથદર્શિકા" પણ કહી શકાય. પરંતુ અત્યંત ધ્યાનાકર્ષક બાબત એ છે કે એ તમામે તમામ આજ્ઞાઓમાં માતા જેમ બાળકને વહાલભર્યા શબ્દોથી સમજાવે કે "દીકરા ! આમ કરવું જોઈએ અને આમ ન કરવું" - એવી ઉત્કૃષ્ટ માતૃભાવનાની સંવેદના અને મીઠાશ આ અલૌકિક શિક્ષાપત્રીમાં ભારોભાર જોવા મળે છે, અને અનુભવાય પણ છે. ઈન્ડિયન પીનલ કોડમાં દર્શાવેલા કાયદા કાનૂન ની આચાર સંહિતા જેવી કઠોરતા એમાં ક્યાંય નથી.

શિક્ષાપત્રી એના નામ પ્રમાણે કોઈને શિક્ષા કરવા માટે નથી પરંતુ શિક્ષા એટલે કે ધર્મ, જ્ઞાન તથા સદાચારનો બોધ આપે છે. એની ભાષા ભગવાન સ્વામિનારાયણની પરાવાણી સ્વરૂપ છે અને એટલે જ જગતનાં અન્ય ધર્મગ્રંથોની વાણી કરતાં કંઈક અનોખી તરી આવે છે. સમગ્ર શિક્ષાપત્રીનું રહસ્ય જ એ છે કે સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને સર્વ જીવોના કલ્યાણને અર્થે સ્વયં એની રચના કરી છે. ભગવાન પુરુષોત્તમ નારાયણ માટે તો પ્રત્યેક જીવ "તમે અમારાં છો માટે જે જાણીએ તે કહીએ જ" એ શુભાશય તથા જીવ માત્રના કલ્યાણની ખેવના જ એમાં છૂપાયેલી છે.

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી

॥શ્રીઃ॥

લિખાવિતં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ જત પાંડે અયોધ્યાપ્રસાદ તથા પાંડે રઘુવીર નારાયણ વાંચજો. બીજું લખવા કારણ એમ છે જે તમો બે જણને અમો દેશવિભાગ કરીને સત્સંગી વેંચી આપ્યા છે તેમાં જેના દેશનો સત્સંગી પરમહંસને રસોઈ દેવા આવે તે પોતપોતાના સત્સંગીની રસોઈ પોતપોતાના માણસ હથુ કરાવજો. અયોધ્યાપ્રસાદના દેશના સત્સંગીની રસોઈ અયોધ્યાપ્રસાદ કરાવે ને રઘુવીરના દેશના સત્સંગીની રસોઈ રઘુવીર કરાવે એમ અમારી આજ્ઞા છે. બીજુ આ રીત્ય ગઢડું તથા વરતાલ તથા અમદાવાદ આદિક સર્વ જાયગાની છે સંવત ૧૮૮૬ ના ચૈત્ર સુદી ૪ લેખક શુકમુનિના સાષ્ટાંગ પ્રણામ સેવામાં અંગીકાર કરજો. ॥ શ્રીઃ ॥

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં આ પત્ર બંન્ને દેશના આદિ આચાર્યશ્રીઓ ઉપર લખાવેલ છે. આ મહાપ્રસાદીના પત્રના સૌને દર્શન થાય તે હેતુથી તે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૯ માં પધરાવેલ છે. સૌ હરિભક્તો તેના દર્શનનો લાભ લેજ્યો.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો ત્રીજો સ્થાપના દિન

ફાગણ સુદ ત્રીજ તા. ૦૩-૩-૨૦૧૪ ને સોમવારના રોજ શ્રીનરનારાયણદેવનો વાર્ષિક પાટોત્સવ તેમજ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના સ્થાપના દિન નિમિત્તે પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી મ્યુઝિયમના તૃતિય વાર્ષિક ઉત્સવ નિમિત્તે બપોરે પછી સુંદર મહાપૂજા, મહાભિષેક મુખ્ય હોલમાં રાખવામાં આવેલ છે. જેના મુખ્ય યજમાન બનવાનો લાભ લેવા માટે મ્યુઝિયમની ઓફિસમાં સંપર્ક કરવો. તથા સહ યજમાનના રૂા. ૧૧૦૦૦/- તથા રૂા. ૫૦૦૦/- નક્કી કરેલ છે. જેમને મહાપૂજામાં બેસવાની ઈચ્છા હોય તેમણે વેલા તે પેલાને ધોરણે નામ લખાવવા વિનંતી. મુખ્ય યજમાન તથા સહ યજમાન માટે રૂબરૂ ઓફિસમાં સંપર્ક કરવો.

મો. : ૯૯૨૫૦૪૨૬૮૬ (દાસભાઈ) ફોન નં. : ૦૭૯-૨૭૪૮૯૫૯૭

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - જાન્યુઆરી-૨૦૧૪

| | |
|---|---|
| રૂા. ૧૧૧૧૧/- | અ.નિ. કંકુબેન ધરમદાસ પટેલ ડાંગરવા (હ. મગનભાઈ મંગળભાઈ ગોવિંદભાઈ) |
| રૂા. ૧૧૦૦૦/- | પટેલ ધીરજભાઈ કરશનભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦૧/- | હરજીવનભાઈ કરશનદાસ પટેલ-અમદાવાદ (હ.ડો.દિનેશભાઈ પટેલ) |
| રૂા. ૧૦૦૦૦/- | કાનજી લક્ષ્મણ રાબડીયા-સરલી-કચ્છ |
| રૂા. ૧૦૦૦૦/- | મીનાબેન કે. જોશી (ઘનશ્યામ એન્જીનીયરીંગ ઈન્ડ. બોપલ) |
| રૂા. ૬૫૦૦/- | અ.નિ. કંકુબેન ગોકળદાસ પટેલ-લવારપુર (હ.જનકકુમાર જી. પટેલ) |
| રૂા. ૬૧૦૦/- | અ.નિ. લક્ષ્મીબેન લક્ષ્મણભાઈ ચૌહાણના સ્મરણાર્થે (કાચા ટેઈલર) લેસ્ટર યુ.કે. |
| રૂા. ૫૧૦૦/- | પટેલ ભૂપેન્દ્રભાઈ મંગળદાસ સાયરા (મોડાસા) |
| રૂા. ૫૧૦૦/- | પટેલ રિતેષભાઈ હિરાભાઈ સાયરા (મોડાસા) |
| રૂા. ૫૧૦૦/- | પટેલ દિપેશકુમાર વિનુભાઈ સાયરા (મોડાસા) |
| રૂા. ૫૧૦૦/- | ચૌધરી મયુરભાઈ વસંતભાઈ સાયરા (મોડાસા) |
| રૂા. ૫૧૦૦/- | પટેલ અલ્પેશભાઈ આર. સાયરા (મોડાસા) |
| રૂા. ૫૧૦૦/- | પટેલ અમૃતભાઈ રેવાભાઈ સાયરા (મોડાસા), રમણભાઈ રેવાભાઈ |
| રૂા. ૫૦૦૦/- | પટેલ ડાહ્યાભાઈ નરસીદાસ સાયરા (મોડાસા) |
| રૂા. ૫૦૦૦/- | શાહ શિમોની કૌશલભાઈ નિતીનભાઈ અમદાવાદ |
| રૂા. ૫૦૦૦/- | કમલેશભાઈ એચ.શાહ-અમદાવાદ |
| રૂા. ૫૦૦૦/- | જગદીશભાઈ કે. દરજી-બોપલ |

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - જાન્યુઆરી-૨૦૧૪

| | |
|---|---|
| તા.૦૧/૦૧/૧૪ | પટેલ પ્રવિણભાઈ ભીમદાસભાઈ તથા વિષ્ણુભાઈ ભીમદાસભાઈ રાજેન તથા સૌરભના લગ્ન નિમિત્તે સુનીલભાઈ તથા જેકશન વડુવાળા |
| તા.૦૨/૦૧/૧૪ | પટેલ રાજેન્દ્રભાઈ ડી. - મેમનગર |
| તા.૦૪/૦૧/૧૪ | (સવારે) ચેતનકુમાર રામભાઈ પટેલ - નવા વાડજ (હા.કેનેડા) |
| તા.૦૪/૦૧/૧૪ | (બપોરે) અરવિંદભાઈ પટેલ (લોસ એન્જલસ) |
| તા.૦૫/૦૧/૧૪ | ડો.કે.કે. પટેલ (હિંમતનગર) |
| તા.૧૦/૦૧/૧૪ | રવજી જેઠા વાઘજીયાણી (માધાપર-કચ્છ) હ.ખીમજીભાઈ (હા.ઓસ્ટ્રેલીયા) શ્રી નાના પી.પી. સ્વામીની પ્રેરણાથી |
| તા.૧૨/૦૧/૧૪ | રજનીકાન્તભાઈ ભાવસાર (વિસનગર) |
| તા.૧૯/૦૧/૧૪ | અ.નિ. છોટાલાલ મગનલાલ પરિવાર-કડીવાળા (હ.હરિકૃષ્ણભાઈ પટેલ) |
| તા.૨૧/૦૧/૧૪ | શિલ્પાબેન સુનીલકુમાર પટેલ-અમદાવાદ |
| તા.૨૨/૦૧/૧૪ | બોબીભાઈ બિપીનભાઈ દવે (સિડની-ઓસ્ટ્રેલીયા) (હ.નાના પી.પી.સ્વામી) |
| તા.૨૭/૦૧/૧૪ | ભાવિન નિતીનકુમાર કંસારા-મસ્કત |

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સત્કર્મ સાચી રીતે કરવું

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

આપણા નંદ સંતોએ આપેલું એક દ્રષ્ટાંત છે. સૌરાષ્ટ્રમાં વડીલ હોય એને આતા કહે છે. આવા કોઈ આતાને જાત્રા કરવાનું મન થયું. સ્થિતિ ઘરની ગરીબ હતી. એટલે દીકરાને કહે છે મારી બીજી કોઈ ઈચ્છા નથી પણ મારે જાત્રા કરવી છે. દીકરા પણ બહુ ભાવિક હતા. હવે આટલી ઈચ્છા જાત્રા કરવાની આતાની છે એ આપણે ગમે તેમ કરીને પુરી કરવી. ઘરમાં સગવડ નહોતી એટલે ગામમાં કોઈ વેપારીની દુકાનેથી પાંચસો રૂપિયા ઉસીના લઈ આવ્યા અને આતાને આપ્યા. પગે લાગી ચાંદલો કરીને વિદાય આપી. આતા રૂપિયા લઈને ઉપડ્યા જાત્રા કરવા. અને સંતોએ તો ચોખ્ખું નામ લખ્યું છે કે ચાલતાં ચાલતાં રસ્તામાં ધોળકા આવ્યું અને સિઝન એવી સરસ જામફળની, માખણ જેવા જામફળ હો. અંદર કાંકરા જેવા બી પણ નડે નહીં. એવા મુલાયમ જામફળ, જાણે સાકર નાંખેલો માવો જોઈલો. એવા જામફળ મોટાં મોટાં વાડીમાંથી ખરીદ્યા. દાઢે ચઢ્યાં. જામફળ બહુ હારા છે. ત્યાં તો બીજું કંઈ મિષ્ટાન જોયું ધોળકાનું વખણાતું, એ ચાખી જોયું. આ તો બહુ હારૂં છે હો. આતા તો રોકાયા ધોળકામાં, ધરમશાળા વાળાને કહે છે તારે જગ્યા ખાલી છે ? હા. તમતમારે મહિનો રહો. હા ભાઈ ! મહિનો જ રહેવું છે. અને મહિનો રોકાઈ ગયા.

આ બાજુ બધાય વિચાર કરે છે. ઓહો...હો... ભગવાન અમારા આતાની તબિયત હારી રાખજો. અને હાચવજો. અલ્યા ભગવાન ક્યાં હાચવે !! આગળ જાય તો ભગવાન હાચવે ને. આતો અહીં જ પડેલા ધોળકામાં જ, પચાસ કિલોમીટર દૂર અને જામફળ ઉડાવે, પેંડા ખાય, જલેબી ખાય અને પછી રખડ્યા કરે ચારે બાજુ. આ રીતે ધોળકામાં મહિનો થયો ને આ બાજુ પાંચસો રૂપિયાએ પુરા થવા આવ્યા.

હવે આતા વિચાર કરે છે કે ઘેર જઉં પણ છોકરાને છાપ પાડવા કંઈક તો કરવું પડશે. એટલે ધોળકાના મલાવ તળાવની માટી ઉપાડી અને બે-ચાર શીશીઓમાં જુદું જુદું પાણી ભર્યું. અને થોડાક બજારમાંથી સાકરીયા લઈ લીધાં, પતાસા લીધાં. આ બધું ભેળું કરી અને અગાઉથી સંદેશો મોકલ્યો. હેમ-કુશળ મથુરા, વૃન્દાવન, અજોધાજી બધી જાત્રા કરીને આવું છું. ભગવાનની દયાથી કાંઈ તકલીફ નથી. છોકરાઓ તો બહુ ભાવિકને એટલે ઢોળ વાળાને બોલાવી આવ્યા. ગામવાળાને ભેગા કર્યા. અમારા આતા જાત્રા કરીને આવે છે. ઢોલ વગાડીને બધા આખું ગામ સામે આવ્યું. વધારે પડતા ભાવિકો તો પગમાં પડવા માંડ્યા. અમુક ભાવિકો કહે છે, આતા તમારા પગ ધોઈને પીએ. આતા મનમાં વિચાર કરે છે, છેટે રહેવામાં મજા છે. પગ શું ધોઈને પીશો !!! ધીમે ધીમે ઘેર આવ્યા. પાણીની શીશીઓ કાઢીને કહ્યું કે આ ગંગાજીનું જળ છે ને આ જમુનાજીનું છે. આ મથુરાનો પેંડો છે ને આ વૃન્દાવનના હાકરીયા છે. બહુ પ્રેમથી લાવ્યો છું.

બધી વાત તો પુરી થઈ ગઈ અને માણસો મળવા આવે ને બોલે કે આતા તમે તો તાજા થઈને આવ્યા, જાત્રા કરીને. નહી તો બધા જાત્રા કરવા જાય છે તો થોડાક સુકાઈને આવે છે. આતા બોલે કે ભગવાનની દયા. મનમાં વિચાર કરે છે કે ધોળકાના જામફળની દયા. હવે જેની પાસેથી પાંચસો રૂપિયા ઉછીના લીધા હતા તે વેપારી ધીમે ધીમે ભીંહ વધારવા માંડ્યો કે તમારા આતા તો યાત્રા કરીને પાછા પણ આવી ગયા.

હવે તમે ગમે તેમ કરો. પાંચસો રૂપિયા જેવી રકમ મને કકડે કકડે પણ આપવા માંડો. પણ ક્યાંથી આપે ! ઘરની સ્થિતિ ન હતી. છ મહિના થયા એટલે વેપારી જરા ઉકળ્યો. હવે એ વેપારી પણ ધાર્મિક હતો, બહુ આસ્તિક હતો. એક દિવસ આમને ઘેર આવ્યો. આતા બેઠેલા, છોકરા પણ બેઠેલા. વેપારી કહે છે જુઓ ભાઈ ! કાં તમે પાંચસો રૂપિયા આપો - છ-છ મહિના થઈ ગયા. અને જો રૂપિયા ન આપો તો પછી તમારા આતા જાત્રા કરી આવ્યા છે એનું પુણ્ય મને આપી દો. બ્રાહ્મણને બોલાવીને, તુલસી પત્ર મુકીને આતા બોલે, સંકલ્પ મુકે કે અમે જાત્રા કરી એ પુણ્ય હવે આ શેઠને સમર્પણ ..... એવો વિધિ કરો. તો દીકરા કહે છે, ના શેઠ બિલકુલ નહીં, મરી જઈએ, ખેતરનો કકડો વેચીને પણ તમારા રૂપિયા આપશું પણ જીંદગીમાં એકવાર અમારા આતાએ જાત્રા કરી છે ને એ પુણ્ય નહીં આપીએ. ત્યારે પેલા આતા ધીમેથી ઠુંહો મારીને કહે છે, દઈદે, દઈદે.... દઈ દેવા જેવું છે. આ જાત્રાનું પુણ્ય દઈ દેવા જેવું જ છે. આપી દે. અને બ્રાહ્મણને બોલાવી તુલસીને પાંદડે જ્યાં આતાનું પુણ્ય પેલા વેપારીને આપ્યું અને પહેલે જ ઝાટકે વેપારીને નુકશાન થયું અને બીજું, ત્રીજું આ આતાનું પુણ્ય લીધું ત્યારથી નુકસાન નુકસાન જ થવા માંડ્યું.

ભક્તો ! ભગવાને આપણને માનવ જન્મ આપ્યો એ આપણા જીવનું કલ્યાણ કરવા માટે આપ્યો છે. પણ આ સંસારના ભોગ-વિલાસમાં, મોજ-શોખમાં આશક્ત બનેલો માણસ એ ભૂલી જાય છે અને અંતે મુક્તાનંદ સ્વામીના શબ્દો છે એ પ્રમાણે થાય છે.......

**"કાશી કેદાર કે દ્વારકા દોડે,**
**જોગની જુક્તિ ન જાણી રે,**
**ફેરા ફરીને પાછો ઘરનો ઘરમાં,**
**ગોધો જોડાણો જેમ ઘાણી રે...."**

સત્કર્મ સાચી રીતે કરે તો જ સંસારના પાશથી છૂટી શકાય બાકી સંસારની ઘાણીમાંથી છુટાતું નથી.

●

## લીંબડીની લીલા

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

સવા બસો વર્ષ પહેલા ન તો ગાડી હતી કે રેલ્વે કે વિમાન હતા. એવા સમયમાં શ્રીજી મહારાજ ક્યાંઈક માણકીએ અસવાર થઈ પધારતા તો ક્યાંઈક પગપાળા જ વિચરતા.

એકવાર સ્વામિનારાયણ ભગવાન કારિયાણીમાં વિરાજમાન હતા. કારિયાણીમાં વસ્તાખાચરના દરબારમાં રોકાયા હતા. છપ્પર પલંગ પર બેસી કથા વાર્તાનો વચનામૃતનો લાભ હરિભક્તોને આપી રહ્યાં હતા. તેવામાં મેમકાથી કેટલાક હરિભક્તો આવ્યા. આ હરિભક્તો મહારાજની આગળ મેમકા પધારવા વિનંતી કરવા લાગ્યા. મહારાજે તેમનું આમંત્રણ સ્વીકારી મેમકા જવા તૈયારી કરી. સ્વામિનારાયણ ભગવાન કારિયાણીથી મેમકા પધારતા હતા તે રસ્તામાં લીંબડીના દરવાજા પાસે આવ્યા ત્યારે એક માણસે કહ્યું, ઓ રૂપાભાઈ પટેલ તમારા ભગવાન આવ્યા છે. ગામને દરવાજેથી પસાર થાય છે. રૂપાભાઈ પટેલે તો દોટ મુકી હે મહારાજ ! ઉભા રહો ! હે મહારાજ ઉભા રહો ! બૂમો પાડતા પાડતા પાછળ ગયા. મહારાજ ઉભા રહ્યાં. હે મહારાજ ! કહી પગે લાગ્યા. મહારાજ ! આમ શા માટે ગામને દરવાજે થી ચાલ્યા જાઓ છો. મારે ઘેર પધારો. ખૂબ આગ્રહ કરીને શ્રીજી મહારાજને જમવા સારૂ પોતાના ઘરે તેડી ગયા. તે વખતે લીંબડીમાં કોઈ એક ધર્મ સમાજના પૂજ્ય ગણાતા હતા. એણે મોટા શેઠને બોલાવીને કહ્યું કે આ ગામમાં સ્વામિનારાયણ આવ્યા છે તે ભગવાન થઈને પૂજાય છે. માટે આજે એની પ્રભુતા મટાડવી છે. માટે તમે ચારજણા થઈ એમની પાસે જાઓ ને અહીં બોલાવી લાવો.

પછી આ ચાર શેઠિયાઓ પટેલને ઘેર આવ્યા. મહારાજને નમસ્કાર કરીને કહ્યું જે અમારા એક મોટા પૂજ્ય અહી છે. તેમને પ્રશ્નો પૂછવા છે. માટે તમે ત્યાં પધારો. શ્રીજી મહારાજે નમ્રતાથી કહ્યું: સારું અમે આવશું. પછી મહારાજ પોતાની સાથે એક મૂળજી શેઠ

અને બીજા બે-ત્રણ હરિભક્તોને લઈ અને એમના સ્થાનમાં પધાર્યા અને તે પૂજ્યે આસન નાખી દીધું. મહારાજ બિરાજ્યા. પછી એ પૂજ્ય બોલ્યા કે, તમે ભગવાન કેમ કહેવાઓ છો ? તમારે જોગી થવાની જરૂર હતી અથવા બ્રહ્મચારી, સન્યાસી, તપસ્વી ન થતાં ભગવાન થઈને કેમ બેસી ગયાં. શ્રીજી મહારાજ બોલ્યા, કે જો અમે જોગી થઈએ કે બ્રહ્મચારી થઈએ કે સન્યાસી થઈએ કે તપસ્વી થઈએ તો કોઈના કોઈ અમારી સામે આવે પછી અમે વિચાર્યુ કે આ બધામાં ભગવાન તો બહુ ઉદાર છે. ઠાકોરજી કંઈ બોલશે નહિ એમ જાણીને અમે ભગવાન થયા. તો એ પૂજ્ય બોલ્યા આ તો તમે ભગવાનનો વેશ કાઢ્યો છે. તો શ્રીજી મહારાજ કહે, કેવું હોય તો સાચા ભગવાન થવાય ? ત્યારે તે બોલ્યા, ભગવાન તો અંતર્યામી હોય અને તમે જો ભગવાન હો તો અમારા આ ચાર શેઠિયા અને પાંચમો હું જે સંકલ્પ ધારીએ એ તમે કહી દો તો ભગવાન સાચા.

ત્યારે મહારાજ બોલ્યા, જે તમારા સંકલ્પની વાત અમે તો શું આ અમારા ભક્તો પણ કહી દેશે. અને આ ત્રણ જણા અમારા ભક્તો તો ગૃહસ્થ છે. તમે એને ઓળખો છો. બોલો તમે કહો એની પાસે તમારા સંકલ્પો કહેવડાવીએ તો પછી શ્રીજી મહારાજ સાથે જે ભક્તો હતા. એમાંથી એક જણનું નામ આ પૂજ્યે લીધું. પછી મહારાજે આજ્ઞા કરી કે આ પાંચ જણના સંકલ્પ શું ચાલે છે. અત્યારે એ કહો. પછી આ ભક્તે દ્રષ્ટિ બંધ કરી સમાધિ કરી પાંચ જણના અંતરમાં પ્રવેશ કરી પાછા આવી અને વાત કરવા માંડી કે આ પૂજ્યનો આવો સંકલ્પ છે અને આ ત્રણ શેઠના સંકલ્પો આવા છે. એમ કહીને એક જણનું કહ્યું કે મારે અહીંથી ઉભા થઈ એક સ્ત્રી પાસે જવું છે. એને રૂપિયા દેવા છે. આ પ્રકારે પૂજ્ય, ચાંપસી શેઠ, ભીમજી શેઠ, તલપશીને, ખીમજી એ પાંચે જણના સંકલ્પોની વાત કરી. ત્યારે એ પાંચ જણને આશ્ચર્ય થયું. અને આ પૂજ્ય બોલ્યો, હે મહારાજ ! તમે ખરેખર મોટા પુરુષ છો. તમારી સાથે અમારે કંઈ વિવાદ કરાય નહિ. પછી મહારાજ ઉભા થઈ અને ચાલતા થયા.

પરમાત્મા સ્વામિનારાયણ ભગવાન સર્વાન્તર્યામી છે. એવી ખાતરી આ પૂજ્યને થઈ. આપણે પણ સમજી રાખવું કે પરમાત્મા સર્વ કર્તા હર્તા છે. એમની ઈચ્છા સિવાય કાંઈ થતું નથી. એટલે જ કહ્યું છે કે,

**“તન કી જાણે મન કી જાણે જાણે ચિત્ત કી ચોરી ઉનકે આગે કહા છુપાવું જીન કે હાથ મેં જગકી દોરી.”**

ગઢડા પ્રથમના ૫૪ વચનામૃતમાં સ.ગુ. મુક્તાનંદ સ્વામીના પ્રશ્નના જવાબમાં સ્વયં શ્રીસ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે, સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય જ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત “એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે. અને વળી જીવને મોક્ષનું દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે. કપિલદેવ ભગવાને પણ આજ વાત માતા દેવહુતિ પ્રત્યે પણ કહી છે. માટે જો આપણને પણ આત્યંતિક મોક્ષની ખેવના હોય તો આવા એકાંતિક સાધુના સતત સમાગમમાં રહેવું. અહીં કહેવું છે કે એવા એકાંતિક સંતના મુખે શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરાવાણી એટલે વચનામૃતની ગહન જ્ઞાન વાર્તા દર રવિવારે બપોરે ૩-૩૦ થી ૬-૦૦ આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સંપ્રદાયના સુપ્રસિધ્ધ વિદ્વાન કથાકાર પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે થાય છે. વચનામૃતનો તલસ્પર્શી અભ્યાસ આવા સંતના મુખેથી જાણવા મળે છે. પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનો પણ ખૂબજ રાજીપો છે. વચનામૃતના અભ્યાસીઓએ જરૂર લાભ લેવો.

વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર-કાલુપુરમાં બિરાજતા શ્રી નરનારાયણદેવના
જીર્ણોદ્ધારિત મંદિર તથા સુવર્ણ સિંહાસનના ઉદ્‌ઘાટન પ્રસંગે








**અધ્યક્ષશ્રી : પ.પૂ. ધ. ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ**

## આયોજક

**મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી તથા સ્કીમ કમિટી**
**તથા શ્રી નરનારાયણદેવ મહોત્સવ સમિતિ**
**શ્રી સ્વામિનારાયણ મંદિર - કાલુપુર - અમદાવાદ-૧**
**ફોન. ૦૭૯-૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮**

# શ્રી નરનારાયણદેવ મહોત્સવ

**તા. ૨૪-૧૨-૨૦૧૪ થી તા. ૨૮-૧૨-૨૦૧૪**

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંત જીવોનું કલ્યાણ કરવા અનંતમુક્તોને સાથે લઈ મનુષ્યદેવ ધારણ કરી પૃથ્વીલોક પર પધાર્યા. ૪૯ વર્ષ સુધી પોતાની અપાર દયા અને દિવ્ય ઐશ્વર્ય વડે અનંતજીવોને અક્ષરધામના સુખભોગી બનાવ્યા અને એ પરંપરા અવિરત ચાલ્યા કરે એ માટે દેવ, આચાર્ય, સંત અને સત્‌શાસ્ત્રની કલ્યાણકારી પરંપરા પ્રવર્તાવી. શ્રીહરિએ કરેલા અનેક અલૌકિક કાર્યો પૈકીનું શિરમોર કાર્ય એટલે મંદિરોનું નિર્માણ. ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી આજથી લગભગ ૧૯૨ વર્ષ પહેલા સ.ગુ. આનંદાનંદ સ્વામીએ ગુજરાતના મુખ્ય નગર અમદાવાદમાં વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કર્યું અને સર્વોપરી શ્રીહરિએ સ્વહસ્તે બાથમાં લઈને સ્વસ્વરૂપ શ્રી નરનારાયદેવ પધરાવ્યા. શ્રી નરનારાયણદેવના ઉંબરા પર ઊભા રહીને ''આ નરનારાયણ દેવનું સ્વરૂપ અને અમારા સ્વરૂપમાં લેશમાત્ર ફેર નથી.'' ''જે એમ જાણે જે આ નરનારાયણદેવ અને ભગવાન સ્વામિનારાયણ જુદા છે તેણે અમને ઓળખ્યા જ નથી.'' ''આ નરનારાયદેવની મૂર્તિ સત્સંગી માત્ર એ પૂજામાં રાખવી.'' આવા મહિમા વચનો સ્વમુખે કહ્યાં એવા મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવનું મંદિર સમયના ઘસારે ઘસાતા જીર્ણોદ્ધારની જરૂરિયાત ઉભી થઈ. જે તે સમયે પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી તે સમયના મહંત સ.ગુ. પી.પી. સ્વામીએ કાર્યનો આરંભ કર્યો. ત્યારબાદ પૂ. નિર્ગુણ સ્વામી તથા પૂ.નારાયણસ્વરૂપ સ્વામીએ કાર્યને આગળ ધપાવ્યું. પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી વર્તમાન મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા અમદાવાદ શ્રી નરનારાયણદેવ સ્કીમ કમિટિએ આ જીર્ણોદ્ધારના કાર્યને પુરજોશમાં વેગ આપ્યો જે હવે પૂર્ણતાને આરે છે. સાથો સાથ દેવોના સુવર્ણ સિંહાસન પર જીર્ણ થતા તે સ્થાને નૂતન સુવર્ણ સિંહાસન બનાવવાનો નિર્ધાર કર્યો જે પણ પૂર્ણ થશે. જીર્ણોદ્ધારિત મંદિર તથા નૂતન સિંહાસનના ઉદ્‌ઘાટનના પાવન પ્રસંગે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અધ્યક્ષતામાં સૌ સંતો ભક્તોના સાથ સહકારથી ભવ્યાતિભવ્ય ''શ્રી નરનારાયદેવ મહોત્સવ'' તા. ૨૪-૧૨-૨૦૧૪ થી તા. ૨૮-૧૨-૨૦૧૪ પર્યંત ધામધૂમથી ઉજવવાનું નિર્ધારેલ છે. તો આવો આપણે સૌ સાથે મળી આપણું તન, મન અને ધન શ્રી નરનારાયણદેવના ચરણોમાં સમર્પિત કરી આ ઉત્સવને ઉમંગથી ઉજવીએ.

## મહોત્સવ દરમિયાનના આયોજનો

- શ્રીમદ્ સત્સંગીભૂષણ અંતર્ગત શ્રી નરનારાયણદેવ માહાત્મ્ય કથા
- એક દિવસીય શ્રી હરિયાગ (યજ્ઞ)
- ૩ દિવસ સમૂહ મહાપૂજા
- મહાઅભિષેક, છપ્પન ભોગ અન્નકૂટ
- શ્રી નરનારાયણદેવની નગર યાત્રા
- પ્રદર્શન
- શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અખંડ ધુન
- બ્લડ ડોનેશન કેમ્પ
- સર્વ રોગ નિદાન કેમ્પ
- ૧૧૦૦૦ દિવાઓ વડે કાલુપુર મંદિરની સમુહ આરતી
- શ્રી નરનારાયણદેવ બાલમંડળ તથા બાલિકામંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ

## મહોત્સવના ઉપલક્ષમાં ધાર્મિક આયોજનો

- ૨૫૧ ગામડે સત્સંગ સભાઓ
- ૧૫૧ મીનીટની ૨૫૧ ગામડે અખંડધૂન
- ૫૧ કરોડ "શ્રી સ્વામિનારાયણ" મહામંત્ર લેખન
- જનમંગલ - ૧,૨૫,૦૦,૦૦૦, વચનામૃત - ૫૧૦૦, ભક્તચિંતામણી - ૫૧૦૦ પાઠ
- પદયાત્રા દ્વારા કાલુપુર શ્રી નરનારાયણદેવ દર્શન
- ૧૧૦૦૦ શ્રી સ્વામિનારાયણ મેગેઝીન સભ્યપદ ઝુંબેશ

## મહોત્સવના ઉપલક્ષમાં સામાજીક આયોજનો

- ૧,૨૫,૦૦૦ વૃક્ષારોપણ
- ૨૧૦૦ બોટલ બ્લડ ડોનેશન તથા સર્વરોગ નિદાન કેમ્પ
- ૧૧૦૦૦ શૈક્ષણિક સાધનોનું વિતરણ (ગામડાઓના બાળમંડળના વિદ્યાર્થીઓને)
- વ્યસન મુક્તિ અભિયાન
- ૧૫૧ અપંગોને ટ્રાઈસિકલ વિતરણ

# આપનો સહયોગ

આ મહોત્સવના ઉપલક્ષમાં આપ આપના પરિવારજનો, મિત્રો સાથે મળી માળા, દંડવત્, પ્રદક્ષિણા, જનમંગલ-વચનામૃત-ભક્તચિંતામણીના પાઠ, મહામંત્રલેખન, પદયાત્રા જેવા નિયમો લઈ અથવા લેવડાવી વિશેષ ભજન કરશો. (જે માટે નોટબુક તથા ફોર્મ આપણા શ્રી સ્વામિનારાયણ મેગેઝીન અથવા તો કાલુપુર મંદિરની ઓફિસમાંથી મળશે.)

આર્થિક રીતે યોગદાન આપી સહભાગી થવા ઈચ્છતા ભક્તો મહોત્સવ દરમિયાન આયોજીત સમુહ મહાપુજા-હરિયાગ તથા અન્ય યજમાન પદનો લાભ લઈ શકશે.

| | |
|---|---|
| ૧૧,૦૦૦/-<br>૨૧,૦૦૦/- | તા. ૨૫-૧૨-૨૦૧૪ના રોજ સમૂહ મહાપૂજાનો લાભ મળશે. (પ.પૂ. લાલજીમહારાજશ્રીના સાનિધ્યમાં) |
| ૩૧,૦૦૦/-<br>૫૧,૦૦૦/- | તા. ૨૬-૧૨-૨૦૧૪ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના નિવાસસ્થાને નિત્ય ધર્મકુળ દ્વારા પૂજાતા પ્રસાદીના હરિકૃષ્ણ મહારાજની મહાપૂજા(પ.પૂ.મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં) |
| ૧,૦૦૦૦૦/-<br>કે તેથી વધુ | તા. ૨૭-૧૨-૨૦૧૪ સર્વાવતારી ભગવાન શ્રીહરિની પૂજામાં રહેલાં અને પૂજ્ય આચાર્ય મહારાજશ્રી જેની દરરોજ પૂજા કરે છે એવા પ્રસાદીના શાલિગ્રામ ભગવાનની મહાપૂજા (પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં) |
| ૨,૦૦૦૦૦/-<br>કે તેથી વધુ | તા. ૨૭-૧૨-૨૦૧૪ એકદિવસીય શ્રીહરિયાગ (યજ્ઞ)ના પાટલે બેસવાનો લાભ. |

આથી વિશેષ સેવા કરીને વિશિષ્ટ યજમાન પદનો લાભ લેવા ઈચ્છતા ભક્તજનોએ કાલુપુર મહંત સ્વામી અથવા આગેવાન સંતોનો સંપર્ક કરવો.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**

**"કલ્યાણનું સૌથી સરસ સાધન છે 'સત્સંગ'"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

પૃથ્વીને પૃથ્વી કેમ કહેવાય છે ? સૌ પ્રથમ ધરતી પર માણસ કંદમૂળ વગેરે ગમે તે ખાઈ લે અને ગમે તેમ જીવે કાંઈ પણ સરખી વ્યવસ્થા ન હતી. પૃથુ રાજા થઈ ગયા તેમણે પૃથ્વી પર બધી સરસ વ્યવસ્થા કરી જેથી તેમના નામ પરથી 'પૃથ્વી' નામ પડ્યું. તો આપણને આટલી સરસ વ્યવસ્થા સાથે મનુષ્ય જન્મ મળ્યો છે. અને તે પણ સત્સંગમાં ! ભગવાનને આપણા ઉપર એટલો બધો વિશ્વાસ છે કે કૃપા કરીને મનુષ્ય જન્મની સાથે સાથે સત્સંગ પણ આપ્યો છે. બધાના જીવનમાં આવું હોતું નથી. મા-બાપને જે છોકરાઓ પર વિશ્વાસ હોય છે તેને જ બધી મિલકત સોંપે છે. તેમ પરમાત્માને પણ જેના પર વિશ્વાસ હોય છે તેને જ સત્સંગરૂપી ખજાનો આપે છે. આ સત્સંગની અંદર મનન ચિંતન કરીને પોતાને માટે મોક્ષનું સાધન શોધવાનું છે. અને દિલથી ભગવાન સાથે જોડાઈ રહેવાનું છે. કેમ કે ? કલ્યાણનું સૌથી સરસ સાધન છે ને તે 'સત્સંગ' છે. જેની બધાને ખબર છે. 'સત્સંગનું મૂળ કલ્યાણ છે'. મૂળ મજબૂત હશે સારી રીતે ભજન-કીર્તન કરતા હોઈશું આજ્ઞા પ્રમાણે રહેતા હોઈશું તો કલ્યાણ જરૂર થશે. ફળ ચોક્કસ મળશે. ધર્મ વગરનું જીવન અધોરી જેવું છે. 'ધર્મ ઈશ્વરની સાક્ષાત્ અનુભૂતિ છે.' આ પૃથ્વી પર અનાસકત થઈને રહેવાનું સુખ અને દુઃખ આપણા હાથમાં છે. પરંતુ આપણે બીજા પર ઢોળી દઈએ છીએ. ક્યારેક અપવાદ પણ હોય છે કે ખરાબ કામ કર્યા વગર પણ સાંભળવું પડે તો સત્સંગથી સહન કરવાની ક્ષમા કરવાની તાકાત આવી જાય છે. જો સુખી થવું હોય તો બધું સહન કરતા શીખવુ પડે, બીક મટાડવી પડે, આપણને દુઃખ શેનું લાગે છે ? તો કાંઈ પણ ગમતી વસ્તુ હોય તે ખોવાઈ જવાની બીક લાગે છે. માન, સન્માન, પ્રતિષ્ઠા વગેરે કાંઈ પણ જોડાઈએ છે. અને જે નથી મળતું તેનાથી દુઃખ લાગે છે. આજનું કરેલું સત્કર્મ છે તે આવતી કાલના સદ્ભાગ્યમાં પરિવર્તિત થશે અને આજનું કરેલું દુષ્કર્મ છે તે આવતી કાલના દુર્ભાગ્યમાં પરિવર્તિત થશે. પરમાત્મા કાર્ય કરવામાં અવરોધરૂપ નથી. બધું સાક્ષીભાવ તરીકે જુએ છે અને તે પ્રમાણે ફળ આપે છે. જાગ્રત સ્વપ્ર અને સુષુપ્તિ ત્રણેય અવસ્થામાં જે કાંઈ બને તે બધું યાદ હોય છે. ત્રણેય અવસ્થામાં પરમાત્મા સાક્ષી તરીકે હોય છે. જાગ્રત અવસ્થામાં જે કાંઈ કરીએ તે બધું યાદ હોય છે. સ્વપ્ર અવસ્થામાં જે બને તે થોડું થોડું યાદ હોય છે. સુષુપ્તિ અવસ્થામાં કાંઈપણ યાદ નથી રહેતું તો પણ એટલું તો યાદ હોય જ છે કે મને કાંઈપણ સ્વપ્ર નથી આવ્યું. સુષુપ્તિ અવસ્થામાં એ ઘોર અજ્ઞાન અવસ્થા છે. એક વ્યક્તિને એક દીકરી હોય છે. તે દીકરી ખૂબ કુરૂપ હોય છે. પરિણામે તેનું લગ્ન થતું નથી. તેથી દીકરીના પિતાને ખૂબ ટેન્શન રહ્યા કરે છે. અને અંતે એક છોકરો તેની સાથે લગ્ન કરવા તૈયાર થાય છે. પરંતુ તે આંધળો હોય છે. એટલે તેને ખબર ન પડે કે મારી પત્ની કેવી છે. જેથી બંને જણા રાજી ખુશીથી રહેતા હોય છે. એક દિવસ તે ગામમાં એક હકીમ (વૈદ્ય) આવે છે. તેની પાસે એવું અંજન હોય છે કે જેને આંખમાં આંજવાથી આંધળા હોય તેની આંખની રોશની પાછી આવી જાય. આ વાત જાણીને ગામના લોકો છોકરીના પિતાને વાત કરે છે. કે તમારા જમાઈને હકીમ પાસે લઈ જાવ. છોકરીના પિતા કહે છે કે હું તેમને થોડા દિવસ પછી જવાબ આપું. અને પછી વિચારે છે કે મારા જમાઈની આંખની રોશની પાછી આવી જશે તો મારી છોકરીની કુરૂપતા દેખાઈ જશે તો મારી દીકરીને છોડી દેશે. ધીમે ધીમે આ વાત જમાઈના કાને પડી. જમાઈ હકીમ પાસે ગયો. અને આંખો સારી થઈ ગઈ. આથી પેલી કુરૂપ છોકરીને છોડી દીધી. તો કહેવાનો અર્થ છે કે દરેક વ્યક્તિ અજ્ઞાન અને મોહથી આ જગતમાં ફસાયેલી છે. જે આંધળો પુરુષ છે તે અજ્ઞાન છે. કુરૂપ કન્યા છે તે વિષય-વાસના છે. પિતા છે તે મોહ છે. હકીમ છે તે સત્સંગ છે. અને અંજન તે જ્ઞાન-પ્રકાશ છે. માણસને અંધકારના અજ્ઞાનમાં વિષય-વાસના અને મોહ, હકીમ રૂપી સત્સંગ સુધી પહોંચવા દેતા નથી. અને જમાઈને જેમ અંજનરૂપી પ્રકાશ થાય છે એટલે કુરૂપ કન્યાને છોડી દે છે. તેમ માણસને જ્ઞાનરૂપી પ્રકાશ થાય છે તો કુરૂપ રૂપી વિષય-વાસના છે તેને છોડી દે છે. અર્થાત્ શાશ્વત સુખ શેમાં છે તે સમજાઈ જાય તો જગતના નાશવંત પદાર્થ આપોઆપ છૂટી જાય છે. અને જે જ્ઞાન માણસને માત્ર સત્સંગના માધ્યમથી જ પ્રાપ્ત થાય છે. અને ત્યાર પછી કાંઈ પણ છોડવું પડતુ નથી. પરંતુ આપોઆપ છૂટી જાય છે. અને જે છોડવું પડે તેના કરતા છૂટી જાય છે. તે શ્રેષ્ઠ ત્યાગ છે. તો મહારાજે આપણા ઉપર દયા કરીને આ સત્સંગ આપ્યો છે. આપણને સારા રસ્તા પર લાવી દીધા છે. તો આપણી પણ ફરજ છે કે આપણે પણ આગળ વધવાનો પ્રયત્ન કરવાનો છે. રાવણ કેટલો જ્ઞાની હતો. ત્રણ લોકનો રાજા હતો.

બ્રાહ્મણ હતો, શિવજીનો ભક્ત હતો. કેટલો મહાન હતો. પરંતુ તેને ખબર હતી કે મારૂ શરીર તામસી છે. તો તામસી શરીરના માધ્યમથી હું ભક્તિ નહી કરી શકું. અને રાવણને મોક્ષ પણ જોઈતો હતો તો તેના ઉપાય માટે યુક્તિ કરી. તો શું કર્યું ? તો ભગવાન રામ સાથે વેર કર્યું ? રાવણને ખ્યાલ હતો કે ભગવાન રામને હું હરાવી નહી શકું અને ભગવાન રામના હાથે મારૂ મૃત્યુ થશે તો મને મોક્ષ મળશે. તો આપણી ઉપર તો પરમાત્માની દયા છે. આપણે આવી કોઈ યુક્તિ અજમાવવાની જરૂર નથી. પ્રેમ સહિત પરમાત્માની ભક્તિ કરવાની છે. મંદિરમાં મૂર્તિ-પ્રતિષ્ઠા ક્યારે થાય છે? મંદિર બનીને તૈયાર થઈ જાય ત્યાર પછી જ તેમાં મૂર્તિ-પ્રતિષ્ઠા થાય છે. તો આપણે આપણા દેહરૂપી મંદિરમાં ભગવાનની મૂર્તિ પધરાવવી હશે તો આપણા અંતઃકરણરૂપી મંદિરને આચરણ દ્વારા પવિત્ર રાખવું પડશે. તો જ આપણા અંતઃકરણમાં ભગવાનની મૂર્તિ રાખી શકીશું. ભગત થતા પહેલા માણસાઈ રાખવાની છે. પહેલા માણસ બનવું પડે છે. પછી ભગત બનાય છે.

●

### સંસ્કાર ઘડતર

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

સરસ મજાનો દોરો (ચેઈન) બનાવ્યો હોય પણ જો તેમાં વચ્ચે એક ચગદું ન હોય તો ? તિજોરી સરસ બનાવી હોય પણ એમાં એક તાળું ન હોય તો ? છત્રી નવી લાવ્યા પણ એમાં સળીયા ન હોય તો ? સરસ દેખાવવાળું માટલું લાવ્યા હોય પણ સહેજ કાણું નીકળ્યું તો ? એમ આપણે સુંદર કપડા પહેરીએ, રોજ સ્નાન કરીએ, સુંદર તેલ નાખી માથું ઓળીએ, સુંદર શણગાર દાગીના પહેરીએ પણ સંસ્કાર ન હોય તો ? આ બધુંય કહ્યું તેવું જ છે. એવો દેખાવ છે. પણ શણગાર નથી. શણગાર તો માંહિલો સંસ્કાર છે.

કેવી રીતે કોની સાથે કેમ બોલવું. કોને કઈ રીતે જવાબ આપવો. કેવું વર્તન કરવું એ બધી બાબતો સંસ્કારમાં આવી જાય છે. કોઈ આપણા ઘેર આવે અને આપણે હસતું મુખ રાખતા જય સ્વામિનારાયણ કે આવો.... બેસો.... એવો આવકાર પણ ન આપીએ તો એ સંસ્કારની ઉણપ છે. ઘર ગમે તેવું સુશોભિત હશે પણ જો આવનાર ને મીઠો ટહુકો નહીં મળે તો એને આવવાનું મન નહીં થાય. કેટલાક ઘરમાં આપણે જોઈએ તો ઘરમાં રૂપિયા, ફર્નિચર, રાચરચીલું બધું હોય પણ સંપ ન હોય, જો બાપ-દીકરાને ઝગડતા કે મારામારી કરતા જોઈએ, અગર તો બંને મા-બાપ કે બંને ભાઈઓને ઝઘડતા જોઈએ તો આપણને જ કેવું લાગે છે. આપણે કોઈના છોકરાને એના પપ્પા સામે કે એની મમ્મી સામું ધડાધડી કે ફટાફટ મનફાવે તેમ જવાબો આપતા જોઈએ તો આપણને એ ગમશે ? આપણે શું કહીશું? કે એનામાં બિલકુલ સંસ્કાર જ નથી.

સંસ્કાર એ જીવનની મોટામાં મોટી મૂડી છે. રૂપિયા ઓછા હશે તો ચાલશે. ઝૂંપડામાં રહેતા હશું તો ચાલશે પણ સંસ્કાર નહીં હોય તો નહીં ચાલે. કારણ કે તેની તો ડગલે ને પગલે જરૂર પડે છે. સવારે ઉઠીને રૂપિયાની જરૂર નથી પડતી પણ સંસ્કારની પડે છે. જ્યારે સવારમાં મમ્મી કે પપ્પા ઉઠાડે ત્યારે કહીએ સૂવા દોને હવે, અત્યારમાં શું મારી પાછળ પડ્યા છો ? બસ સવારથી જ માથાકુટ ચાલું થઈ જાય. ઉઠ હવે ઉઠ તારા જેવો દુનિયામાં કોઈ ઉંઘણશી ન ભાળ્યો. તારો બાપ ઉંચે ચડી ગયો. (સૂર્ય) જાગ જાગ. આ મા-બાપના આપેલા કુસંસ્કાર કહેવાય. જ્યારે ઉઠીને તરત માતા-પિતાને ચરણ સ્પર્શ કરી જય સ્વામિનારાયણ કહે, બીજા વડીલોને કે ઘરના સભ્યોને પગે લાગે આને સંસ્કાર કહેવાય. કોઈ સમયે મા-બાપ વઢે કે કોઈ શિક્ષા કરે તો આ મારા માટે કહે છે. મારી ભૂલ છે. એટલે કહે છે એવું મનાય એ સંસ્કાર. મા-બાપ ને ન કહેવાના શબ્દ કહેવાય - બોલાય તેને કહેવાય કુસંસ્કાર. માટે જ સંસ્કાર ધનની તો ડગલે ને પગલે જરૂર પડે છે. સંસ્કાર વેચાતા ન મળે, કોઈ કોલેજોમાં કે સ્કુલમાં ન મળે. એતો મંદિરમાંથી મળે. સાચા સંતો જ આપી શકે. બાળક નાનું હોય ત્યારે મા-બાપે સંસ્કાર આપવા જ જોઈએ. પ્રથમ તો માતા-પિતાનું જીવન સદાચારમય હોવું જોઈએ. કેવળ વાતોથી બાળકોમાં સંસ્કાર આવતા નથી. જેવું આપણું જીવન હોય તેવું અનુકરણ બાળકો કરે છે. કોઈપણ વૃક્ષની કલમ હોય તેને જેમ વાળો તેમ વળી જાય છે. તેમ નાના બાળકમાં જેવા સંસ્કાર રેડીએ તેવા તે થાય છે. ધ્રુવજીને સુનીતિ માતાએ ગર્ભમાં જ સંસ્કાર આપ્યા હતા. તથા બાળપણમાં પણ સારા સંસ્કાર આપ્યા હતા. તેના કારણે બાળપણમાં જ પરમાત્માના સાક્ષાત્કારને પામ્યા હતા. બાળકને સંસ્કાર આપવાની જવાબદારી વધારે સ્ત્રીની હોય છે.

આજના સમયમાં ઘરોઘર ટી.વી. ઉપરના દશ્યો જોવા સાંભળવાથી નાના બાળકો, યુવાન સ્ત્રી-પુરૂષો અને વૃધ્ધ મનુષ્યો પણ ટીવી જોવાના વ્યસની થયા છે. ટીવી ઉપરના દશ્યો જોઈ- સાંભળી નાના બાળકો તેનું અનુકરણ કરતા હોય છે. અને યુવાન સ્ત્રી-પુરુષો વિકારી દશ્ય અને વિકારી શબ્દો સાંભળીને લાજ મર્યાદા વટાવવા લાગ્યા છે. પહેરવેશ તથા ફેશન-વ્યસન આદિ કુટેવો વધવાથી અનેક પ્રકારના દુઃખો પ્રાપ્ત થાય છે. અને વડીલો સાથે બોલવાનો વિવેક દિવસે દિવસે નષ્ટ થતો જાય છે. વળી પશ્ચિમ દેશની

કુસંસ્કારી સંસ્કૃતિનો પ્રવેશ થવાથી ન બનવાના બનાવો હવે બનવા લાગ્યા છે. આમ ટીવી આદિના કુસંસ્કારો એ પ્રજાને અધોગતિના માર્ગે ચાલવાનું શિખવે છે.

શાસ્ત્રમાં જણાવેલ છે કે મનુષ્યો જેવું દેખે, સાંભળે તેની અસર અંતઃકરણ ઉપર થાય છે. અને પછી દેહ વડે કરીને કર્મ કરવાની ઈચ્છા થાય છે. પરિણામે ટીવી જોવાથી મનુષ્યની બુદ્ધિ ભ્રષ્ટ થવાથી યુવાન સ્ત્રી-પુરૂષો વ્યભિચારી, દારૂડીયા અને દગા કરવા, અનિતીના કાર્યો કરવા વગેરે કુસંસ્કારો પ્રાપ્ત થવાના ઘણા બનાવો સમાચાર પત્રોમાં આવે છે.

આલોક અને પરલોકમાં સુખી થવું હોય તો માતા-પિતા વડીલો તથા નાના મોટા બાળકોએ તથા સ્ત્રી-પુરુષોએ વિકારી દૃશ્ય જોવા સાંભળવા માટે ટીવી પાસે બેસવું નહિ. તો જ આપણામાં સારા સંસ્કારનું ઘડતર થશે. ટી.વી. જોઈને કોઈ પ્રહલાદ, જનક, અંબરીષ કે નરસિંહ મહેતા થયા હોય એવું જોયું કે સાંભળ્યું નથી. છેલ્લા ૨૦-૩૦ વર્ષથી આવેલ ટી.વી.ની ચેનલોએ ધાર્મિક સંસ્કારોને રફેદફે કરી નાખ્યા છે. ભારતીય સંસ્કારો પ્રમાણે સ્ત્રીઓ કદી અંગપ્રદર્શન કરતાં વસ્ત્રો પહેરી જાહેરમાં આવતી ન હતી. પરંતુ આ ટીવી આવ્યા બાદ આંખમાં શરમના પાણી સુકાઈ ગયા છે.

ભારતીય સંસ્કારોમાં છૂટા છેડા જેવો કોઈ શબ્દ ન હોતો. કોઈપણ પુરૂષ પોતાની પત્નીનો ત્યાગ ન કરી શકે. કે કોઈપણ સ્ત્રી તેના પતિનો ત્યાગ ન કરી શકે. પરંતુ આ ટી.વી. દ્વારા આ સંસ્કારોને સામાન્ય ગણીને એક નાનીઅમથી વાતમાં છુટા છેડા લે છે. ને કુસંસ્કારી બને છે. આપણા વડવાઓએ કરિયાવરમાં સંપત્તિ નહી પરંતુ સંસ્કાર આપવાની શરૂ કરી. અત્યારે ટી.વી. સેટ સોફાસેટ, ટી.-સેટ, કિચન સેટ આવી સંપત્તિ લઈને સ્ત્રી સાસરે જાય છે. સાસરીયામાં બધાને આવા સેટો બતાવીને પોતે અપસેટ થઈ જાય છે. કોઈ તેના પિયરની વસ્તુનો ઉપયોગ કરે તો તુરત કહે છે કે, ''એ તો હું મારા પિયરથી લાવી છું. તેનો ઉપયોગ કરવો નહિ. ત્યાર પછી ઝઘડા કરવાનું શરૂ કરે છે.

હે ભક્તો, અંતમાં આ બધા સંસ્કારોના માધ્યમથી જાણવાનું કે જો તમારે આ લોકમાં અને પરલોકમાં સુખી થવાની ઈચ્છા હોય તો તમારા બાળકોને સંસ્કારો આપી તેઓને મોક્ષ માર્ગે ચઢાવી દો, અંતમાં એટલું કહું છું કે તમો કાર નહી આપો તો ચાલશે. પરંતુ ''સંસ્કાર'' તો જરૂર આપશો.

●

## લાડુ મોટા કેમ ?

- જાનકી નિકીકુમાર પટેલ (ઘાટલોડિયા)

અમદાવાદ - દહેગામ રોડ ઉપર અતિ પ્રસાદીનું ગામ વેલાળ આવેલું છે. શ્રીજી મહારાજ આ ગામમાં ત્રણ દિવસ રોકાયા. અને જવાની તૈયારી કરી તો ત્યાંના આગેવાન હરિભક્ત જેસીંગભાઈ બોલ્યા કે, હે મહારાજ ! એમ નહિ જવાય. કેમ કે અહીં અઢાર જેટલા પાટીદાર પરિવારોમાં નવો સત્સંગ થયો છે. એ બધાને મેં કહ્યું છે, મહારાજ સૌના ઘેર જમવા પધારશે. એટલે એ બધા રાજી થઈ ગયા છે. તો આપે રોકાવું પડશે.

મહારાજે કહ્યું જેસીંગભાઈ ! જાઓ અઢાર ઘેર કહી દો કે આજે જ થાળ બનાવો. અમે થાળ જમવા આવશું. જેસીંગભાઈએ બધાને કહેવડાવ્યું કે, મહારાજ સૌના ઘરે થાળ જમવા પધારશે. ગામડાની બહેનોએ ખુશ થઈને પ્રભુ માટે લાડુ બનાવ્યા. સાથે ભજીયા, પુરી, શાક વગેરે બનાવ્યું.

સૌ પ્રથમ શ્રીહરિ એક પટેલને ઘેર જમવા બિરાજ્યા. આગળ થાળી પીરસાઈને આવી. થાળીમાં ત્રણ-ચાર લાડુ, પુરી, શાક બધું હતું. મહારાજ કહે, જેસીંગભાઈ ! જરા નિયમ બદલ્યો છે. અઢાર ઘેર જમવાનું છે તેથી ફક્ત એક લાડુ જ જમશું. આ વાત સાંભળીને આ ઘરની સ્ત્રી બાજુમાં ઘરમાં જઈને કહી આવી કે મહારાજ બીજુ કશું નહિ જમે. ફક્ત એક જ લાડુ જમવાના છે.

બાજુવાળી બહેન એટલી હોંશિયાર ને ભાવિક હતી કે ચાર-પાંચ લાડુ ભાંગીને એક મોટો લાડુ બનાવી દીધો. મહારાજ તેમના ઘેર પાટલે બિરાજ્યા. થાળીમાં નાળિયેર જેવડો લાડુ જોયો. મહારાજ કહે, આ તો લાડુ છે કે લાડુકા ! આ તે કઈ રીતે પહોંચી વળાશે ? હજુ સત્તર ઘેર જમવાનું છે. બાજુના ઘેર તો નાના માપના લાડુ હતા. અહીં આવડા મોટા કેમ છે ? ઘરના યજમાન સત્સંગી યુક્તિપૂર્ણ વાણીથી બોલ્યા, હે મહારાજ શું કરીએ અમારા ઘરવાળા જનમજાત ગામડાના છે અને બાજુવાળા બહેન શહેરના છે. શહેરની બહેનો હોય અને બોલવાનુંય ઝીણું, શહેરી લોકોના કપડાંય ઝીણાં, એટલે એમના લાડુય ઝીણાં હોય ! અમે રહ્યાં ગામડાના માણસો એટલે અમારું બોલવાનું જાડુ. અમારા કપડાં પણ જાડા મોદ જેવા ! અને મહારાજ ! અમારા લાડુ પણ જાડા (મોટા) એમાં અમારો શું વાંક ! અમારા ગામડીયા સ્વભાવ મુજબ બનાવી નાખ્યું છે.

''જુઓ બોલી અમારીય જાડી, જાડું ભોજન જમીએ દાડી, જાડી પાઘડી, ધોતિયું જાડું. તેમ જાડા અમારા એ લાડુ.''

યુક્તિપૂર્ણ જવાબ સાંભળીને પ્રભુ હસ્યા. ભક્તજનોની ભાવના જોઈને મહારાજ બાકીના બધા ઘેર આવા મોટા લાડુ જમ્યા.

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| માગસર સુદ-૧ | પ.ભ. હિરેનભાઈ અનંતરાય કામદાર પરિવાર (અડદિયા પાક) (હ. મહંત સ્વામી) | અમદાવાદ |
| માગસર સુદ-૩ | પ.ભ. નગીનભાઈ સોમાભાઈ પટેલ (મોહનથાળ) (હ. વિશ્વસ્વરૂપ શાસ્ત્રી) | ચીખલોડ |
| માગસર સુદ-૪ | પ.ભ. પોપટભાઈ ભગાભાઈ પટેલ (ચુરમાના લાડુ) | સાબરમતી |
| માગસર સુદ-૫ | પ.ભ. દોશી જસવંતલાલ અમુલખભાઈ (સાટાની રસોઈ) | અમદાવાદ |
| માગસર સુદ-૫ | અ.નિ. ઈન્દુનારાયણ દવે (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| માગસર સુદ-૫ | અ.નિ. અમૃતભાઈ નરશીભાઈ પટેલ (અડદીયો) (હ. જયંતીભાઈ) | અમદાવાદ |
| માગસર સુદ-૬ | અ.નિ. કુંવરબેન ભવાનભાઈ મિસ્ત્રી (મૈસુબ) | અમદાવાદ |
| માગસર સુદ-૬ | પ.ભ. અવની નિતીન વેકરીયા (અડદીયો) | મીરજાપુર-કચ્છ |
| માગસર સુદ-૬ | પ.ભ. વેલજી રામજી હીરાણી (અડદીયો) (હ. મહંત સ્વામી) | સુખપુર-કચ્છ |
| માગસર સુદ-૮ | પ.ભ. ઘનશ્યામભાઈ ભગવાનદાસ પટેલ (દૂધપાક, માલપુવા, મોહનથાળ) (હ. મહંત સ્વામી) | અમદાવાદ |
| માગસર સુદ-૯ | પ.ભ. દેવકૃપા ઓટો સ્પેર્સ (અડદીયો) (હ. નારણસ્વરૂપ સ્વામી, અલ્હાબાદ) | અમદાવાદ |
| માગસર સુદ-૧૦ | પ.ભ. પટેલ રમણભાઈ નારણદાસ (અડદીયો તથા મોહનથાળ) | માણેકપુર |
| માગસર સુદ-૧૨ | જયસીયારામ (અડદીયો) (હ. દેવુ ભગત, મુનિ સ્વામી) | રાણાકંડોરણા |
| માગસર સુદ-૧૩ | પ.ભ. પટેલ અંબાલાલ શંકરદાસ (મોહનથાળ) | વિજાપુર |
| માગસર સુદ-૧૪ | એચ. કે. ટ્રાવેલ્સ (મોહનથાળ) (હ. હરૂભાઈ એસ. પટેલ, પરમેશ્વર સ્વામી) | અમદાવાદ |
| માગસર વદ-૧ | અ.નિ. કાનબાઈ જાદવા ખેતાણી (મગશ) (હ. જાદવા રામજી ખેતાણી) | ભુજ-કચ્છ |
| માગસર વદ-૫ | પ.ભ. બિપીનભાઈ બી. કવિ (બુંદીના લાડુ, દુધીનો હલવો) (હ. રાજુ સ્વામી) | અમદાવાદ |
| માગસર વદ-૫ | પ.ભ. નાનજી ધનજી કેશરા (દૂધીનો હલવો) | |
| માગસર વદ-૬ | અ.નિ. રતિલાલ ઝવેરભાઈ પટેલ (મગસ) (હ. ઘનશ્યામભાઈ, મહેન્દ્રભાઈ) | |
| માગસર વદ-૬ | પ.ભ. વિરબાઈ શામજી ગોંડલીયા (અડદીયો) (હ. વિરજી ગોપાલ હીરાણી) | મીરઝાપુર-કચ્છ |
| માગસર વદ-૬ | પ.ભ. દિલીપભાઈ જાદવજીભાઈ કેરાઈ (મગસ) | માંડવી-કચ્છ |
| માગસર વદ-૭ | પ.ભ. મુકેશ શાન્તિલાલ પટેલ (મોહનથાળ) (હ. જે.કે. સ્વામી) | લસુન્દ્રા |
| માગસર વદ-૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર (ઉત્તમનગર) મહિલા મંડળ (અડદીયો) (હ. નારાયણ સ્વામી) | ઉધના |
| માગસર વદ-૮ | પ.ભ. પટેલ મુકેશભાઈ ભક્તિભાઈ (અડદીયો) | ગાંધીનગર |
| માગસર વદ-૮ | પ.ભ. પરબત પ્રેમજી જાદવાણી (મગસ) | |
| માગસર વદ-૮ | અ.નિ. રામબાઈ નારણ હિરાણી (મગસ) | |
| માગસર વદ-૮ | અ.નિ. વિસરામ ખીમજી વેલાણી (મગસ) | સુખપર-કચ્છ |
| માગસર વદ-૮ | પ.ભ. કાનજીભાઈ વાલજીભાઈ ભૂડીયા (મગસ) | સુખપર-કચ્છ |
| માગસર વદ-૮ | પ.ભ. હસમુખભાઈ ઠાકોરભાઈ પટેલ (મોહનથાળ) | |
| માગસર વદ-૯/૧૦ | પ.ભ. વિજયભાઈ પટેલ (મોહનથાળ) | વડોદરા |
| માગસર વદ-૧૧ | પ.ભ. પટેલ હરિભાઈ નટવરભાઈ (મગશ) (હ. વિષ્ણુ સ્વામી) | ન્યુ રાણીપ |
| માગસર વદ-૧૧ | પ.ભ. જયંતિલાલ મુળજીભાઈ મીરાણી (મગશ) | રાપર-કચ્છ |
| માગસર વદ-૧૧ | પ.ભ. જયંતિલાલ મુળજીભાઈ મીરાણી (અડદીયો) (હ. જે.કે. સ્વામી) | |
| માગસર વદ-૧૧ | પ.ભ. શાહ રેખાબેન દિનેશભાઈ (અડદીયા) | અમદાવાદ |
| માગસર વદ-૧૧ | પ.ભ. ગોવિંદભાઈ કેસરાભાઈ વેલજીભાઈ (અડદીયો) (હ. શા. પ્રેમસ્વરૂપ સ્વામી) | |
| માગસર વદ-૧૩ | પ.ભ. પટેલ અંબાલાલ શંકરદાસ (અડદીયો) | વિજાપુર |
| માગસર વદ-૧૪ | પ.ભ. જગદીશભાઈ રાદડીયા (મોહનથાળ) | અમદાવાદ |
| માગસર વદ-૩૦ | પ.ભ. સોનાબેન તથા કેશવલાલ ભુલાભાઈના સ્મરણાર્થે (ચુરમાના લાડુ) | કાળીગામ |

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ ''જે આત્મનિવેદી ભક્ત તેમણે પાષાણની અથવા ધાતુની જે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમા અથવા શાલીગ્રામતેની જે પૂજા તે દેશકાળને અનુસરીને પોતાના સામર્થ્ય પ્રમાણે પ્રાપ્ત થયા જે ચંદન, પુષ્પ, ફળાદિક વસ્તુ તેણે કરીને કરવી અને પછી શ્રીકૃષ્ણ ભગવાનનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરવો.'' - શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં કહ્યું છે ?

પ્ર. ૨ નિર્દંભ એટલે શું ?

પ્ર. ૩ વજેસીંગ રાજા ગઢપુર પધાર્યા ત્યારે મહારાજ તેમને મંદિર બતાવતા હતા. દરબારનો હાથ ઝાલીને મહારાજ મંદિરમાંથી ઉગમણે દરવાજે લઈ ગયા. ત્યારે પ્રભુના સ્પર્શથી આનંદનો પાર દરબારને ન રહ્યો ને મહારાજને શું કહ્યું ?

પ્ર. ૪ ''જેવા પોતાના સગા-વ્હાલા હોય અથવા મા-બાપ તેનો પક્ષ રહે છે તેવો ભગવાનના ભક્તનો દૃઢ પક્ષ રાખવો. ભગવાનના ભક્તનો પક્ષ રાખવો એ ઘણું કઠીન કામછે'' - ક્યા વચનામૃતમાં કહ્યું છે ?

પ્ર. ૫ દેવો અને દૈત્યોએ સમુદ્રમંથન કર્યું એમાંથી મદિરા પેદા થઈ. તે મદિરાનો સ્વીકાર કોણે કર્યો ?

પ્ર. ૬ મહારાજના દર્શન કરવા ઊંઝાના જયકુંવરબા શું ખાઈને રહેતા હતા ?

પ્ર. ૭ ''શ્વેત પાઘ શિર સોહત સુંદર, ફુલ તોરા લટકૈયા....'' - આ ક્યા કીર્તનની કડી છે અને તેના રચયિતાનું નામજણાવો.

## જાન્યુઆરી-૨૦૧૪ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) સં. ૧૮૬૩ બંધીયા ગામ. (૨) પ્રકરણ ૧૯. (૩) વિષય રૂપ છે અને દેવતા સૂર્ય છે. (૪) ગ.પ્ર. ૧૨. (૫) અધ્યાય ૨ શ્લોક ૬૯. (૬) વિશિષ્ટાદ્વૈત. (૭) પ્રકરણ ૯૦.

૧ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૨ પટેલ સરોજબેન રણછોડભાઈ (મુબારકપુર)
૩ પટેલ ભાવનાબેન નટવરભાઈ (મુબારકપુર)
૪ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૫ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૬ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૭ શ્રી નરનારાયણ બાળ મંડળ (કલોલ-પચંવટી)
૮ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૯ સાં.યો. કોકીલાબા તથા ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૦ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલવાળા)
૧૧ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)
૧૨ પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૧૩ પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૧૪ સાધુ પ્રેમપ્રકાશ ગુરુ સ્વામી જગદીશપ્રસાદદાસજી (ઈડર)
૧૫ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૧૬ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૧૭ ડૉ. પટેલ અરૂણભાઈ દેવજીભાઈ (અમદાવાદ)
૧૮ પટેલ અંજનબેન મનુભાઈ (નાંદોલ)
૧૯ પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૨૦ ભોરણીયા નથુભાઈ ભગવાનજી (ધૂંટું મોરબીનું)
૨૧ ભોરણીયા રમેશભાઈ નથુભાઈ (ધૂંટૂ મોરબીનું)
૨૨ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૨૩ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી
૨૪ પટેલ જયંતિભાઈ હીરાભાઈ (વહેલાલ)
૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર (હર્ષદ-બાપુનગર) શ્રીન.ના.દેવ યુવક મંડળ
૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું (દરબારગઢ-મોરબી)
૨૭ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૨૮ વિરાણી ચેતન ગોવિંદભાઈ (મેમનગર)
૨૯ સોની ઈલાબેન નરેન્દ્રભાઈ (દરિયાપુર)
૩૦ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (માણસા)
૩૧ શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (જમિયતપુરા)
૩૨ ગવૈયા સી.પી. સ્વામી (માણસા)
૩૩ પટેલ કોકિલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૩૪ પટેલ શકરીબેન ભગત (વડુ)
૩૫ ઘરસભા બહેનો (લુણાવાડા)
૩૬ ગાંધી જ્યોત્સનાબેન એચ. (સુરેન્દ્રનગર)
૩૭ પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૩૮ સાં.યો. કંચનબા, હીરાબા (ધ્રાંગધ્રા)
૩૯ ભાવસાર અવિંદાબેન એન. (ચાંદલોડિયા)
૪૦ ભાવસાર વીણાબેન રતિલાલ (નવરંગપુરા)
૪૧ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૪૨ સાં.યો. ભારતીબા, મંજુબા (સ્વામિ. મંદિર, કાલુપુર હવેલી)
૪૩ ઓચ્છવ મંડળ (સ્વામિ. મંદિર એપ્રોચ-બાપુનગર)
૪૪ સ.ગુ. સ્વામી લક્ષ્મણજીવનદાસજી (એપ્રોચ)
૪૫ રામાણી સેજલ બાલુભાઈ (હીરાવાડી)
૪૬ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૪૭ સાં.યો. રંજનબા, નાનીબેન (વિરાટનગર)
૪૮ પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૪૯ પટલે લાલભાઈ એમ. (ગાંધીનગર)
૫૦ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)
૫૧ પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા)
૫૨ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૫૩ સાં.યો. રામબાઈ ધનજી વરસાણી (મિરઝાપર)
૫૪ સાં.યો. જયશ્રીબેન પ્રવિણ વરસાણી (મિરઝાપર)
૫૫ સાં.યો. મીનાબાઈ લાલજી ગોરસીયા (મિરઝાપર)
૫૬ સાં.યો. મહંત શ્યામબાઈ અરજણ હીરાણી (ભુજ)
૫૭ સાં.યો. ધનબાઈ શીવજી ભંડેરી (મિરઝાપર)

## વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર-કાલુપુરમાં બિરાજતા શ્રી નરનારાયણદેવનું જીર્ણોધ્ધારિત મહા મંદિર તથા સુવર્ણ સિંહાસનના ઉદ્‌ઘાટન પ્રસંગે




**અધ્યક્ષશ્રી : પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**

### મહોત્સવના ઉપલક્ષમાં ધાર્મિક આયોજનો

- ૨૫૧ ગામડે સત્સંગ સભા
- ૧૫૧ મિનિટની ૨૫૧ ગામડે અખંડ ધૂન
- ૫૧ કરોડ "શ્રી સ્વામિનારાયણ" મહામંત્ર લેખન
- જનમંગલ - ૧,૨૫,૦૦,૦૦૦ વચનામૃત - ૫૧૦૦ ભક્તચિંતામણી - ૫૧૦૦ પાઠ
- પદયાત્રા દ્વારા કાલુપુર મંદિર શ્રીનરનારાયણદેવ દર્શન
- ૧૧૦૦૦ શ્રી સ્વામિનારાયણ મેગેઝીન સભ્યપદ ઝુંબેશ

### મહોત્સવના ઉપલક્ષમાં સામાજીક આયોજનો

- ૧,૨૫,૦૦૦ વૃક્ષારોપણ
- ૨૧૦૦ બોટલ બ્લડ ડોનેશન તથા સર્વરોગ નિદાન કેમ્પ
- ૧૧૦૦૦ શૈક્ષણિક સાધનોનું વિતરણ (ગામડાઓના બાલમંડળના વિદ્યાર્થીઓને)
- વ્યસન મુક્તિ અભિયાન
- ૧૫૧ અપંગોને ટ્રાઈસિકલ વિતરણ

(૧) શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખન .......................
(૨) જનમંગલના પાઠ ...........................
(૩) વચનામૃત પાઠ.....................................
(૪) ભક્તચિંતામણી પાઠ.........................
(૫) શિક્ષાપત્રી પાઠ....................................
(૬) પ્રદક્ષિણા ....................................
(૭) માળા ..............................................
(૮) દંડવત.......................................

હું મહોત્સવના ઉપલક્ષમાં ઉપરોક્ત મુજબ ભક્તિ કરવાનો સંકલ્પ કરી શ્રી નરનારાયણદેવને રાજી કરવાનો નિર્ણય કરું છું. નામ : ______________________ ઉંમર : __________

સરનામું : ________________________________

ગામ : ________________ મોબાઈલ નં. : ________________

● શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખનની નોટબુક કાલુપુર મંદિર અથવા આપના વિસ્તારના મંદિરમાંથી પ્રાપ્ત થશે. ૧ મંત્રપોથીમાં ૧૧૦૦૦ મંત્ર લખી શકાશે. જે કોઈ ભક્તજન આવી ૫૦ મંત્રપોથી (૫,૫૧,૦૦૦) મંત્ર લખશે તેમને ઉત્સવ દરમ્યાન મહાપૂજાના યજમાનપદે લ્હાવો મળશે. પરંતુ તે માટે ૫૦ મંત્રપોથી એક સાથે જ જમા કરાવવાની રહેશે. જ્યારે નોટબુકો જમા કરાવશો ત્યારે આપને એક યજમાનપદનું કાર્ડ આપવામાં આવશે. અલગ-અલગ મંત્રપોથી જમા કરાવનારને યજમાનપદનો લાભ મળશે નહી. મંત્રપોથી જમા કરાવવાની છેલ્લી તા. ૨૪-૧૧-૨૦૧૪ રહેશે.

ઉપરોક્ત ફોર્મ ભરી ઓફિસમાં રૂબરૂ જમા કરાવવું અથવા "શ્રી નરનારાયણદેવ મહોત્સવ કાર્યાલય" શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ના સરનામે મોકલી આપવું.

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર ભાટેરા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા તપોમૂર્તિ સંત પૂ. સ.ગુ. ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજીની પ્રેરણાથી તથા સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા)ના માર્ગદર્શનથી તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર ભાટેરાનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૮-૧૨-૧૩ થી તા. ૧૨-૧૨-૧૩ પર્યન્ત ખૂબજ ભવ્યતાથી ઉજવાયો. મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ, હરિયાગ, ઠાકોરજીની નગરયાત્રા આદિ કાર્યક્રમો આનંદ ઉલ્લાસથી ઉજવાયા. કથાના વક્તાપદે સ.ગુ. શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ ગુરુકુળ) બિરાજ્યા હતા.

તા. ૧૦-૧૨-૧૩ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૧૧-૧૨-૧૩ ના રોજ ઠાકોરજીની ભવ્ય નગરયાત્રા ભાટેરા ગામમાં નીકળી હતી. તા. ૧૨-૧૨-૧૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના શુભ વરદ્ હસ્તે ઠાકોરજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા વિધિવત રીતે થઈ હતી. ત્યારબાદ કથા અને હરિયાગની પૂર્ણાહુતિ થઈ હતી. પ્રાસંગિક સભામાં વિદ્વાન સંતોની પ્રેરકવાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યજમાન પરિવાર પૂ. ભંડારી સ્વામી અને પૂ. ધર્મસ્વરૂપ સ્વામીનું બહુમાન કરી રાજીપાનો હાર પહેરાવ્યો હતો.

આ પ્રસંગમાં પૂ. બળદેવ સ્વામી (ધોલેરા), શા. વિવેક સ્વામી, મુકુંદ સ્વામી, વિશ્વપ્રકાશ સ્વામી (લાલોડા), અનુ સ્વામી, જીતુ ભગત આદિ સંત-પાર્ષદ મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

સમગ્ર મહોત્સવનું સભાસંચાલન શા. સ્વામી વાસુદેવચરણદાસજીએ કર્યું હતું. સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાન શ્રીમતી સ્મિતાબેન પ્રવિણભાઈ પટેલ (ભાટેરા - હાલ અમેરિકા) તથા પ્રશાંતભાઈ મોહનભાઈ પટેલ (ભાટેરા - અમદાવાદ) તથા નિલેશભાઈ મનુભાઈ પટેલ (અમેરિકા) રહ્યાં હતાં. (વાસુદેવ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલ ૨૧ મો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા સ.ગુ. મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી તથા આનંદ સ્વામી ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલના ૨૧ માં પાટોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ સ.ગુ. શા.સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર મહંતશ્રી)ના વક્તાપદે થઈ હતી. ત્રિદિનાત્મક હરિયાગનું પણ આયોજન થયું હતું. તા. ૨૩-૧૨-૧૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ખૂબજ ધામધૂમપૂર્વક શોભાયાત્રા કાઢવામાં આવી હતી. મંદિરમાં પધારીને ઠાકોરજીને અભિષેક અને અન્નકૂટ આરતી ઉતારી હતી. ત્યારબાદ કથા અને હરિયાગની પૂર્ણાહુતિ કરીને સભામાં બિરાજીને સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગમાં એસ.એસ. સ્વામી, કૂંજ સ્વામી, શ્રીજી સ્વામી, શા. વિશ્વવલ્લભદાસ અને શ્રીજી સ્વરૂપ સ્વામીએ સુંદર સેવા બજાવી હતી. સભા સંચાલન પ્રેમપ્રકાશદાસે કર્યું હતું. કોઠારીશ્રીએ આભાર વિધિ કરી હતી. (શા.પ્રેમપ્રકાશદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મણીયોર (ઈડર દેશ) ૮ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી અને ઈડર મંદિરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર મણિયોરનો ૮ મો વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરકજીનો અભિષેક, અન્નકૂટ આરતી વિધિવત રીતે થયા હતા. છેલ્લે સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવી ખૂબજ રાજી થયા હતા. પ.ભ. ભીખાભાઈ મોગાભાઈ પટેલ પરિવારે પાટોત્સવના યજમાન બની લાભ લીધો હતો.

સમગ્ર પ્રસંગમાં સત્ય સંકલ્પ સ્વામી, કૂંજવિહારીદાસ, શા. શ્રીજી સ્વામી, શા. વિશ્વવલ્લભદાસ અને શ્રીજીસ્વરૂપદાસ સેવામાં જોડાયા હતા. (શા. પ્રેમપ્રકાશદાસ, ઈડર)

**ભુંડિયા ગામે શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને સ્વામી હરિપ્રકાશદાસજી (ઉનાવા માજી મહંત)ની પ્રેરણાથી અત્રે ભુંડીયા ગામે તા. ૧૨-૧-૧૪ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. શા. ભક્તિકેશવદાસે (ઉનાવા મહંત) કથાનો લાભ આપેલ. સમગ્ર ગામે શાકોત્સવનો લાભ લઈ ધન્ય બન્યા હતા. (કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરામાં ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા મહંત શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી તથા શા. માધવ સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરામાં તા. ૨૨-૧૨-૧૩ ને રવિવારના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના શુભ સાનિધ્યમાં અને વિશાળ સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં શાકોત્સવ વિવિધતા સભર ઉજવાયો.

સાંજના કીર્તનકાર પૂરવ પટેલના કીર્તન ભક્તિથી સભાનો પ્રારંભ થયો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું આગમન થતા સૌના તન, મન ખીલી ઉઠ્યા. સૌ પ્રથમ સભામાં પ.ભ. દિલીપભાઈ શંભુભાઈ (મુખ્ય યજમાન) પ.ભ. ડૉ. હર્ષદભાઈ ઝિંઝુવાડિયા (ધર્મકુળ પૂજન) અને અ.નિ. પ.ભ. જયંતીભાઈ ચલોડાવાળા પરિવાર (સંત પૂજન) દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, બહેનો દ્વારા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનું પૂજન અને સંતોના પૂજનબાદ પૂ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર) અને પૂ.પી.પી. સ્વામી (જેતલપુર)એ પોતાની પ્રેરક-અમૃત વાણી દ્વારા હરિભક્તોના તન, મન ભીંજવી દીધા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ બાદ છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી સૌને રાજી કરી દીધા. સર્વે યજમાનો અને મહેમાનોનું અને સુવર્ણ સિંહાસનની સેવામાં સંપૂર્ણ યજમાન પ.ભ. ઘનશ્યામભાઈ (ફૂવા) તથા પ.ભ. નટવરભાઈ પટેલ (કરજીસણવાળા) પરિવાર આદિ સૌનું પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સુંદર સન્માન કરી આશીર્વાદ આપ્યા. સાંજે ૭-૦૦ કલાકે ઠાકોરજીની દિવ્ય સમૂહ આરતી વિધિવત રીતે થઈ. શાકોત્સવ માટે રોટલા બનાવવાની સેવા મહિલા મંડળે ઉપાડી લીધી હતી. શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળની સેવા પ્રેરણારૂપ હતી. શ્રી ઘનશ્યામભાઈ (ડેકોરેશનની) સેવા અને શ્રી નિતીનભાઈ (ધરમપુર)ની સેવા પણ પ્રસંશનીય હતી.

રસોડામાં સેવામાં જેતલપુર મહંત કે.પી. સ્વામી, મુકુંદ સ્વામી, શા. આત્મસ્વામી (સાયલા), મુક્તસ્વરૂપ સ્વામી (મૂળી), કે.પી. સ્વામી (રતનપર) અને દેવ સ્વામીએ ખડેપગે સેવા બજાવી હતી. સભા સંચાલન પ્રેમસ્વરૂપસ્વામીએ કર્યું હતું. (ધવલ ભગત નારણપુરા મંદિર)

**ઈડર દેશના ગામોમાં શાકોત્સવ ઉજવાયા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડરમાં વિરાજમાન મહાપ્રતાપી દેવ શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજના છત્રછાયાના ગામ થુરાવાસ, અરોડા, ઈલોલ, સાચોદર, રતનપુરા, કુકડીયા અને નેત્રામલી આદિ ગામોમાં ઈડર મંદિરના સંતમંડળ દ્વારા શાકોત્સવ સાથે ભગવાનની કથા વાર્તા કરીને લાભ આપેલ.

(સાધુ પ્રેમપ્રકાશદાસ ઈડર)

**(સોલા-ચાંદલોડિયા વિસ્તાર) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ્રથમ શાકોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૫-૧-૧૪ ના રોજ અત્રે ના યુનિક સીટી હોમ્સના વિશાળ મેદાનમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવ વિધિવત રીતે સંપન્ન થયો. આ પ્રસંગે સંતોમાં અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી, પૂ. દેવ સ્વામી (નારણઘાટ), શા. હરિૐ સ્વામી (નારણપુરા), શા. ચૈતન્ય સ્વામી અને શા. રામ સ્વામી (કોટેશ્વર) એ અમૃતવાણીનો લાભ આપેલ.

છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત હરિભક્તોને શ્રી નરનારાયણદેવના આશરે રહી મોક્ષ સાધી લેવા અનુરોધ કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પ્રસંગમાં મુખ્ય યજમાન શ્રી કનુભાઈ બી. પટેલ અને સહ યજમાન સતીષભાઈ રહ્યાં હતા. (શ્રી સ્વામિનારાયણ મંદિર સોલા-ચાંદલોડિયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલીયાણામાં શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર) ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલીયાણામાં તા. ૧૨-૧-૧૪ ના સમસ્ત ગામના હરિભક્તો દ્વારા ભવ્ય શાકોત્સવ અને આખો ધનુર્માસ પ્રભાત ફેરી, મહામંત્ર ધૂન અને ઠાકોરજીને અવનવા થાળ ધરાવવામાં આવેલ. તથા ઉત્તરાયણના શ્રીનરનારાયણદેવ યુવક મંડળ દ્વારા ઝોળી ફેરવવામાં આવી હતી. જેમાં અનાજ, ઘી, તેલ, ગોળ, ખાંડ, મસાલા અને રોકડ રકમ આદિ શ્રી નરનારાયણદેવના કોઠાર અમદાવાદમાં પહોંચ બનાવી જમા કરાવેલ. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાલીયાણા)

**વહેલાલ મંદિરમાં શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સાધુ ચૈતન્યસ્વરૂપદાસની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર વહેલાલ ખાતે તા. ૫-૧-૧૪ ના રોજ સુંદર શાકોત્સવ ઉજવાયો. શ્રીજીપ્રકાશ સ્વામી અને શ્રીજીસ્વરૂપ સ્વામીએ કથાવાર્તાનો લાભ આપેલ. આજુબાજુના ગામોના ૨૫૦૦ જેટલા ભક્તોએ શાકોત્સવનો લાભ લીધો હતો. (ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ (ગંજીવાસ) પ્રથમ શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. પૂ. સ્વામી હરિચરણદાસજી (કલોલ)ની શુભ પ્રેરણાથી અત્રેના શ્રી સ્વામિનારાયણ મંદિર (ગંજીવાસ)માં તા. ૧૦-૧-૧૪ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં અને તેઓશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે સ.ગુ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, પૂ. હરિચરણ સ્વામી, શા. નાના પી.પી. સ્વામી, શા. ચૈતન્ય સ્વામી, શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજી અને રામ સ્વામી (ઈસંડ) આદિ સંતો પધાર્યા હતા. સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. મુખીવાસ પાટીદાર સમાજની સમગ્ર પ્રસંગમાં પ્રેરણારૂપ સેવા હતી.

(શા. દિવ્યપ્રકાશદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ચાંદખેડામાં શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ચાંદખેડા (ગામમાં) તા. ૧૨-૧-૧૪ રવિવારના રોજ સાંજના ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

આ પ્રસંગે સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (નારાણઘાટ) તથા શા. ચૈતન્ય સ્વામી આદિ સંતોએ કથાવાર્તા કરીને સુંદર લાભ આપી ઠાકોરજી સમક્ષ શાકોત્સવ ઉજવી હરિભક્તોને રાજી કર્યા હતા. (કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલ ખાતે તા. ૪-૧-૧૪ ના રોજ ભવ્ય શાકોત્સવ પ્રસંગે જેતલપુર ધામથી પૂ. શા.પી.પી. સ્વામી, શા. ભક્તિ સ્વામી, (મોટા) મહેસાણાથી મહંત શા. ઉત્તમ સ્વામી, સ્વામી નારાયણપ્રસાદદાસજી આદિ સંતોની શુભ ઉપસ્થિતિમાં મહારાજની મૂર્તિ સન્મુખ અલૌકિક શાકનો વધાર કરી પૂજ્ય સંતોએ શાકોત્સવની લીલાનું અદ્‌ભુત ચરિત્ર હરિભક્તોને સંભળાવ્યું હતું. સમગ્ર પ્રસંગમાં મીસ્ત્રી નરેશભાઈ, પટેલ જીતુભાઈ અને મુકેશભાઈ કોઠારીની સેવા પ્રેરણારૂપ હતી. આજુબાજુના ધામોના સાંખ્યયોગી બહેનો પણ આ પ્રસંગે પધાર્યા હતા. (કોઠારીશ્રી માંડલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર**

ઐતિહાસિક અને ધાર્મિક નગરી વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ આશીર્વાદથી ધનુર્માસ દરમ્યાન તા. ૧૬-૧૨-૧૩ થી તા. ૧૪-૧-૧૪ પર્યન્ત સવારે ૫-૩૦ થી ૬-૩૦ પ્રભાત ફેરી અને ૬-૩૦ થી ૭-૦૦ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધુનનું મંગલ આયોજન કરેલ. જેમાં મહંત શા.સ્વા. નારાયણવલ્લભદાસજીએ પ્રભાત ફેરીમાં દરરોજ ભાગ લઈ હરિભક્તોને પ્રોત્સાહિત કર્યા હતા. કોઠારી શા. સ્વામી વિશ્વપ્રકાશદાસાજી અનો પૂજારી શા.સ્વા. અભિષેકપ્રસાદદાસજીએ શ્રી ઘનશ્યામ મહારાજને સુંદર શણગાર ધરાવી હરિભક્તોને અલૌકિક દર્શન કરાવ્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પણ આખો માસ ધૂન-પ્રભાતફેરીનો લાભ લઈ ધન્ય બન્યા હતા. દરરોજ, સવારે ૮-૩૦ થી ૯-૩૦ સુધી મહંત સ્વામીએ વચનામૃતની કથા દ્વારા હરિભક્તોને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા.

(નવિનચંદ્ર મોદી)

**જમીયતપુરા શ્રી પ્રભા હનુમાનજી મંદિરમાં કથા-મારૂતિ યજ્ઞ - શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજીની પ્રેરણાથી આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પ્રસ્થાપિત શ્રી પ્રભાહનુમાનજી મંદિર જમીયતપુરામાં પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૨-૧-૧૪ થી તા. ૧૬-૧-૧૪ પર્યન્ત કથા, પાટોત્સવ, મારુતિયજ્ઞ અને શાકોત્સવ વિધિવત રીતે ઉજવાયા. કથામાં પૂ. શાસ્ત્રી પી.પી. સ્વામી (જેતલપુર), પૂ. શા.સ્વા. નારાયણવલ્લભદાસજી (વડનગર) પૂ. શા.સ્વા. પૂર્ણપ્રકાશદાસજી (ધોળકા), પૂ. શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી (નારણપુરા) પૂ. શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ) શા.સ્વા. હરિજીવનદાસજી (હિંમતનગર), શા. ઘનશ્યામ સ્વામી (જમીયતપુરા) અને શા. સ્વા. ભક્તિવલ્લભદાસજી (સહિંતાપાઠ) વક્તાપદે રહ્યાં હતાં. તા. ૧૬-૧-૧૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે દાદાનો પાટોત્સવ આરતી, કથાની પૂર્ણાહુતિ, મારૂતિ યજ્ઞની પૂર્ણાહુતિ, ધર્મશાળાનું ઉદ્‌ઘાટન અને શાકોત્સવ વિધિવત રીતે ઉજવાયા હતા. આ પ્રસંગમાં અનેક ભાવિક ભક્તોએ યજમાન બની સેવાનો લાભ લીધો હતો. આ પ્રસંગે શા. વિશ્વવલ્લભ સ્વામી (ગઢપુર), પ્રેમ સ્વામી, વિષ્ણુ સ્વામી, જે.પી. સ્વામી, ચંદ્રપ્રકાશ સ્વામી આદિ સંતો સેવામાં જોડાયા હતા. સભા સંચાલન પા. ભરત ભગત (મૂળી) અને પ.ભ. ઘનશ્યામભાઈ પટેલે (ઉવારસદવાળા) સંભાળ્યું હતું.

(મહંત વિજય સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ આશીર્વાદથી તથા અત્રેના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા મહંત સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાકરિયા ખાતે ધનુર્માસમાં આખો માસ સંત-હરિભક્તો દ્વારા શ્રીસ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. પવિત્ર એકાદશીના કાંકરિયાથી કાલુપુર મંદિર શ્રી નરનારાયણદેવના અને ધર્મકુળના દર્શને સંત-હરિભક્તોએ મંગલમય મહામંત્ર ધૂન કરતા પદયાત્રા યોજી હતી. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી પણ બહેનોને દર્શન આશીર્વાદ આપવા અત્રે ધૂનમાં પધાર્યા હતા. ઉત્તરાયણના શુભ દિને ધૂનની પૂર્ણાહુતિ બાદ મહંત સ્વામી, શા. યજ્ઞપ્રકાશદાસજી, આનંદ સ્વામી અને શા. સ્વા. વિશ્વપ્રકાશદાસજી એ અમૃતવાણીનો લાભ આપેલ. ત્યારબાદ સૌને પ્રસાદ જમાડવામાં આવેલ.

(હિરેન શ્રી ન.ના.દેવ યુવક મંડળ કાંકરિયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કુહા શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા મહંત સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી તથા પ.ભ. ભદ્રેશભાઈ ચંદુભાઈ પટેલના યજમાન પદે તા. ૧૮-૧-૧૪ ના રોજ અહીં ભવ્ય શાકોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઉજવાયો. સંત-હરિભક્તો દ્વારા પ.પૂ. મહારાજશ્રીની સુંદર શોભાયાત્રા યોજવામાં આવી હતી. શોભાયાત્રા પૂર્ણ થયા બાદ પ.પૂ. મહારાજશ્રીએ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારીને મહાપૂજાની પૂર્ણાહુતિ કરી હતી. પ્રાસંગિક સભામાં સંતોએ સર્વોપરી ભગવાનનો મહિમા કહ્યો હતો.

યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થયેલ શાકોત્સવના દર્શન અને પ્રસાદ લઈ સૌ ભક્ત ધન્ય બન્યા હતા. (પિનલ પટેલ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા શાકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી તેમજ સ.ગુ.શા. સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા ખાતે તા. ૧૯-૧-૧૪ ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન થયું હતું. તા. ૧૯-૧-૧૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું આગમન થતા સૌ પ્રથમ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને જ્યાં શાકોત્સવનું આયોજન શ્રી ૪૧ ગામ કડવા પાટીદાર સમાજ વાડી વિજાપુર રોડ પર પધાર્યા હતા. જ્યાં દિવ્ય શાકોત્સવનો વધાર કરી પ્રાસંગિક સભા થઈ હતી. જેમાં પૂ. સ્વામી જગતપ્રકાશદાસજી, શા. ઘનશ્યામ સ્વામી, મહંત કે.પી. સ્વામી, વિષ્ણુ સ્વામી, શા. યજ્ઞપ્રકાશદાસજી, શા. હરિપ્રકાશદાસજી અને ભરત ભગત ઉપસ્થિત રહ્યાં હતાં. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. હજારો ભક્તોએ પ્રસાદ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. (ચંદ્રપ્રકાશ સ્વામી, યાસિન પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દહેગામમાં શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવં સમસ્ત ધર્મકુળના રાજીપાથી તથા સ.ગુ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા મહંત શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ) તથા બ્ર. પૂ. સ્વા. રાજેશ્વરાનંદજી કોઠારી જે.કે. સ્વામી અને નિલકંઠ સ્વામીની પ્રેરણાથી દહેગામ (ટેબલા ફળી) શ્રી સ્વામિનારાયણ મંદિરના સમસ્ત હરિભક્તો તરફથી તા. ૧૫-૧-૧૪ ના રોજ સાંજે ૫-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સુંદર સ્વાગત સામૈયું કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, શા. પી.પી. સ્વામી આદિ સંતોએ પ્રસંગને અનુરૂપ પ્રેરક પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. હજારો ભક્તજનો દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (કોઠારી હર્ષદભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસામાં પવિત્ર ધનુર્માસમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન અને પ.ભ. નારાયણભાઈ પટેલ અને રજનીકાંત પટેલે સર્વોપરી શ્રીહરિની કથા કરી હતી.

મથુરાનાં મહંત શા.સ્વા. અખિલેશ્વરદાસજી તથા સ્વા. સર્વેશ્વરદાસજીએ વચનામૃતની કથા કરીને સુંદર લાભ આપ્યો હતો. હરિભક્તોએ ધનુર્માસમાં અહીંની હોસ્પિટલના દર્દીઓને અને શ્રી રિધ્ધિ સિધ્ધિ વિનાયક મંદિર, હનુમાનજી મંદિરમાં પણ પ્રસાદનું વિતરણ કર્યું હતું.

(કે.બી. પ્રજાપતિ મોડાસા)

**કરજીસણમાં સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણમાં શા. માધવપ્રિયદાસજી (સિધ્ધપુર), શા. વિશ્વપ્રકાશદાસજી અને શ્રી વલ્લભ સ્વામી આદિ સંતોએ કથા વાર્તા કરીને હરિભક્તોને રાજી કર્યા હતા. કલોલ, વડુ, ડાંગરવા, ભાઉપુરા, વેડા, આનંદપુરા અને ટાંકીયાના હરિભક્તોએ સભાનો લાભ લીધો હતો. સભાના યજમાન પ.ભ. પ્રહલાદભાઈ પટેલ (ન્યુજર્સી) રહ્યાં હતાં.

(પાર્ષદ જસુ ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માધવગઢ (પ્રાંતિજ દેશ)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે તા. ૧૨-૧-૧૪ ના રોજ અ.નિ. પુરૂષોત્તમદાસ મોતીદાસ પટેલ પરિવાર આયોજીત હોમાત્મક મહાપૂજા પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. હરિભક્તો દ્વારા ભવ્ય સ્વાગત સામૈયું કરવામાં આવ્યું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ નિજ મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. સભામાં શા. નાના પી.પી. સ્વામી (મહંતશ્રી નારણઘાટ), બ્ર. પૂ. રાજેશ્વરાનંદજી, શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, શા. સ્વા. છપૈયાપ્રસાદદાસજી અને શા. દિવ્યપ્રકાશદાસે પ્રાસંગિક પ્રવચન કરેલ. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી ગામ ઉપર ખૂબજ રાજી થયા હતા. (વિષ્ણુભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાબરમતી (રામનગર) શાકોત્સવ**

શ્રી સ્વામિનારાયણ મંદિર સાબરમતી (રામનગર) ખાતે હરિભક્તો દ્વારા તા. ૫-૧-૧૪ ના રોજ સાંજે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. જેમાં કોટેશ્વર ગુરુકુળના સંત શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી આદિ સંતોએ શાકોત્સવનો મહિમા કહ્યો હતો. કોટેશ્વર ગુરુકુળના બાળકોએ કીર્તન ભક્તિ કરી હતી. સમગ્ર પ્રસંગનું આયોજન સ.ગુ. શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) દ્વારા કરવામાં આવ્યું હતું. હજારો ભક્તોએ શાકોત્સવનો લાભ લીધો હતો.

(રાજુભાઈ - કોટેશ્વર ગુરુકુળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગોમતીપુર**

અમદાવાદના ગોમતીપુરના શ્રી નરનારાયણદેવ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં હરિભક્તોએ ધનુર્માસમાં વહેલા ઠાકોરજી સમક્ષ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન, કથાવાર્તા કરી હતી. સંતો પણ અવાર-નવાર કથાનો લાભ આપે છે. અહીં ધનુર્માસ ધામધૂમથી ઉજવાયો. (મુકેશભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર) ધનુર્માસ ધૂન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ ખાતો સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી ધનુર્માસમાં પ્રાતઃ મંગળા આરતી બાદ ૪૫ મિનિટ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન અને કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજીના વક્તાપદે સંગીત સાથે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કૃત ભક્તિ નિધિની કથા થઈ હતી. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. ઉત્તરાયણના ઝોળીદાન માટે સ્વયં સેવકો સાથે મંદિરના સંતો પણ જોડાયા હતા. (ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સમૌમાં ધનુર્માસ ધૂન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર સમૌ ખાતે સમસ્ત હરિભક્તો દ્વારા ધનુર્માસમાં ઠાકોરજી સમક્ષ મહામંત્રધૂન, થાળ આરતી કરવામાં આવ્યા હતા. તા. ૧૪-૧-૧૪ ના રોજ ૧૨ કલાકની અખંડ મહામંત્ર ધૂન કરી હતી. ત્યારબાદ ઠાકોરજીને થાળ કરી સૌને પ્રસાદ જમાડેલ. અત્રેના શ્રી છબીલા હનુમાનજી મહારાજ (પુરાતની ૧૧૦૦ વર્ષ જુના) નો પાટોત્સવ તા. ૨૪-૧-૧૪ ના રોજ વિધિવત રીતે ઉજવાયો હતો.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**મૂળીની મહાપ્રસાદીભૂત જ્ઞાનવાવે ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી મૂળીમાં જ્યાં શ્રીહરિએ ભરવાડનો વેષ ધારણ કરી સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીને પથ્થરની ખાણ બતાવેલ આ અલૌકિક સ્થળે છેલ્લે ઘણા વરસોથી સુરેન્દ્રનગર મંદિર દ્વારા શાકોત્સવ ઉજવાય છે.

તા. ૧૦-૧-૧૪ ના રોજ સ.ગુ. મહંત સ્વામી શ્યામસુંદરદાસજીની પ્રેરણાથી અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સુંદર સાનિધ્યમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સ્વયં શાકોત્સવનો વધાર કરી મહારાજના વખતમાં થયેલ શાકોત્સવનું તાદ્દશ દર્શન કરાવ્યું હતું. વાવ ઉપર પ્રસાદીભૂત શ્રીહનુમાનજી મહારાજનો અભિષેક-પૂજન આરતી વિધિવત રીતે થયા હતા. મૂળી-સુરેન્દ્રનગરના મહંત સ્વામીની પ્રેરણાથી મૂળી દેશના અનેક હરિભક્તોએ સેવાનો લાભ લીધો હતો. આ પ્રસંગે ધામોધામથી સંતો, સાંખ્યયોગી બહેનો અને મૂળી દેશના હજારો હરિભક્તો પધાર્યા હતા. સમગ્ર આયોજન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કર્યું હતું. સભા સંચાલન શૈલેન્દ્રસિંહ ઝાલાએ કર્યું હતું. સંતોમાં શા. પ્રેમવલ્લભદાસજી, મુકુંદ સ્વામી, હરિકૃષ્ણ સ્વામી, શાંતિ સ્વામી, પા. ભરત ભગત, પા. કનુ ભગત અને પ્રવિણ ભગતે સેવા બજાવી હતી.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વઘાસીયા ગામે શાકોત્સવ**

અત્રે વાંકાનેર તાલુકાના વઘાસીયા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મૂળીના મહંત સ.ગુ. સ્વામી શ્યામસુંદરદાસજી તથા સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીની પ્રેરણાથી ગામના સમસ્ત હરિભક્તો તરફથી સુંદર શાકોત્સવનું આયોજન થયું હતું. આ પ્રસંગે મૂળી મંદિરથી સ.ગુ. મહંત સ્વામી શ્યામસુંદરદાસજી, સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ્વામી જયપ્રકાશદાસજી (મેમ્બરશ્રી) તથા યોગાચાર્ય સ્વામી નિખીલદેવ આદિ સંતો એ પધારીને સૌ ભક્તોને મહારાજના સર્વોપરી પણાની વાત સમજાવી હતી. (ઝાલા નરેન્દ્રસિંહ ભુરૂભા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ખાખરેચીમાં ધનુર્માસ ધૂન**

શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી તાબાના ખાખરેચી શ્રીસ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સમગ્ર ધનુર્માસમાં હરિભક્તોએ પ્રાતઃ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી. મૂળી મંદિરના ભક્તિ સ્વામી આદિ સંતોએ તા. ૨૮-૧૨-૧૩ ના રોજ કથાવાર્તાનો લાભ આપેલ. (કેશવજી ભગત)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગોમાં ધનુર્માસ ધૂન અને શ્રીહરિગીતા પારાયણ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા મહંત સ.ગુ. સ્વામી જયપ્રકાશદાસજી તથા શા. વિશ્વવિહારીદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગોમાં શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ અને શ્રી લક્ષ્મીનારાયણદેવના સાનિધ્યમાં તા. ૧૬-૧૨-૧૩ થી ૧૪-૧-૧૪ પર્યન્ત ધનુર્માસ ધૂન તથા શ્રીમદ્ સત્સંગિજીવન અંતર્ગત શ્રીહરિગીતા પારાયણ સ.ગુ. શા.સ્વા. વિશ્વવિહારીદાસજીના વક્તાપદે થઈ હતી. જેના યજમાન દિલીપભાઈ અને પદમાબેન (૩૦ દિવસ) ગોહેલ રહ્યાં હતાં. સતત ૩૦ દિવસ પર્યન્ત પ્રસાદ (બાળ ભોગ)ની સેવા હરિભક્તો તરફથી થઈ હતી. ધનુર્માસમાં સવારે ૫-૩૦ કલાકે મંદિરમાં હરિભક્તો આવી જતા હતા. ધૂનમાં અને કથામાં મોટી સંખ્યામાં હરિભક્તો પધારતા હતા. ૧૦૦ વર્ષમાં ન પડી હોય તેવી કડકડતી ઠંડીમાં પણ હરિભક્તો લાભ લેવાનું ચૂકતા

નહતા. રોજ ૨૦ મિનિટ અને રજાના દિવસે ૪૫ મિનિટ કથા થતી. હરિભક્તો ધનુર્માસમાં વધુને વધુ લાભ લે અને મહારાજનું ખૂબજ વધુ સુખ મેળવે તે માટે અહીંના મહંત જે.પી. સ્વામી ગુરુ મહંત સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ) અને શા. વિશ્વવિહારીદાસજી સવારે ૩ વાગે ઉઠીને ભગવાનની ખૂબજ સેવા કરીને ઠાકોરજીને સુંદર વાઘા ધરાવીને દર્શન કરાવતા હતા.

ઉત્તરાયણ પર્વની સભા તા. ૧૧-૧-૧૪ ના રોજ રાખી હતી. એકાદશીનો દિવસ હોઈ ઘણા હરિભક્તો પધાર્યા હતા. અને તેમાંય વિશેષ બન્ને સંતોએ સાંજે મહારાજને સહજાનંદ સ્વામી રૂપે દર્શન કરાવ્યા હતા. સિંહાસનને વિવિધ પતંગોથી શણગાર્યું હતું.

તા. ૧૨-૧-૧૪ ના રોજ ઠાકોરજી સમક્ષ મીની અન્નકૂટનું સુંદર આયોજન કરાયું હતું. દરેક હરિભક્તો વિવિધ વાનગીઓ ઘરેથી બનાવીને લાવ્યા હતા. જળના લોટાના પણ દર્શન કરાવ્યા હતા. સભામાં હરિભક્તોએ બન્ને સંતોનું પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

ધર્મકુળના આશીર્વાદથી અને સંતોના સુંદર પ્રયાસથી સત્સંગ સુંદર ચાલે છે. શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યોએ આખો ધનુર્માસ સવારે ઠાકોરજીને ધરાવવા લાવતા પ્રસાદનો લાભ દરેકને મળી રહે એની સુંદર સેવા બજાવી હતી. મહિલા મંડળના બહેનોની સેવા પણ પ્રેરણારૂપ હતી.

(મોટા ભગત-વસંત ત્રીવેદી)

**કોલોનીયા મંદિરમાં હાટડી ઉત્સવ**

શ્રી નરનારાયણદેવ સ્વામિનારાયણ મંદિર કોલોનીયા સેન્ટ્ર ન્યુજર્સીમાં ૩૦ મી નવેમ્બર સાંજના ૫ થી ૮ દરમ્યાન શા. ધર્મકિશોરદાસ અને સ્વા. નરનારાયણદાસની ઉપસ્થિતિમાં અને અહીંના હરિભક્તોની હાજરીમાં સૌ પ્રથમવાર ઠાકોરજી સમક્ષ હાટડી ઉત્સવ ઉજવ્યો હતો.

સૌ પ્રથમ ધૂન અને કીર્તન યુવાનોએ કર્યા હતા. મહંત સ્વામીએ કથામાં હાટડી ઉત્સવનું માહાત્મ્ય કહ્યું હતું. છેલ્લે હાટડી દર્શનમાં શાકભાજીના કર્યા હતા તે પ્રસાદી સૌને આપી હતી.

ધનુર્માસ ધૂન તા. ૧૬ ડિસેમ્બરથી ૧૪ જાન્યુઆરી પર્યન્ત રોજ વહેલી સવારે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સંત-હરિભક્તો સમૂહમાં કરતા હતા. શાસ્ત્રી સ્વામીએ શ્રીહરિ ગીતાની કથા સંભળાવી હતી. સમૂહ મહાપૂજાનું પણ સુંદર આયોજન થયું હતું. મહાપૂજામાં લાભ લેનારને પ્રસાદરૂપે પ્રસાદીરૂપ પૂજાપેટી આપવામાં આવી હતી. છેલ્લે જનમંગલના સમૂહ પાઠ કરી સૌએ સાથે પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

યજમાન પરિવારનું સન્માન પુષ્પહારથી કરવામાં આવ્યું હતું. ધર્મકુળના આશીર્વાદથી અહીં સત્સંગ સુંદર ચાલે છે.

(પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટનમાં ઉત્તરાયણ ઝોળી પર્વ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટનમાં ૧૩ જાન્યુઆરી રવિવારના અહીંના મહંત સ્વામી દિવ્યપ્રકાશદાસજી અને પૂજારી ઘનશ્યામ સ્વામીની ઉપસ્થિતિમાં ઉત્તરાયણ પતંગ ઉત્સવ-ઝોળી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સૌ પ્રથમ હરિભક્તો દ્વારા ધૂન ભજન કીર્તન કરવામાં આવ્યા હતા. ઠાકોરજીના સિંહાસનને રંગબેરંગી પતંગોથી સુંદર શણગાર્યું હતું. સંતોએ ઉત્તરાયણ પર્વનું માહાત્મ્ય કહ્યું હતું. છેલ્લે જન મંગલ પાઠ, થાળ, આરતી કરી સૌ પ્રસાદ ગ્રહણ કરી છૂટા પડ્યા હતા. ધર્મકુળની કૃપાથી સત્સંગ સારો ચાલે છે. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરન્ટો કેનેડામાં શાકોત્સવની ઉજવણી**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે ટોરન્ટો શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૯-૧-૧૪ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે સભામાં મહારાજે કરેલ શાકોત્સવનું તાદૃશ દર્શન અદ્‌ભુત થીમ પ્રદર્શન દ્વારા યોજવામાં આવ્યું હતું. સભાનો પ્રારંભ કીર્તન ભક્તિથી થયો હતો. સભામાં શાકનો અલૌકિક વઘાર મહંત સ્વામી ભક્તિનંદનદાસજી અને યજમાન હરિભક્તો દ્વારા કરવામાં આવેલ. મહંત સ્વામીએ શાકોત્સવ લીલાની કથા કરી હરિભક્તોને રાજી કર્યા હતા. સભામાં યુવા હરિભક્તોનું વિશેષ સન્માન કરી તેમની સેવાને બિરદાવી હતી. ૪૦૦ થી વધુ હરિભક્તોએ શાકોત્સવને માણ્યો, જીવમાં ઉતાર્યો અને ધન્ય બની ગયા. સમગ્ર પ્રસંગનું સંચાલન પ.ભ. દશરથભાઈ ચૌધરી (પ્રેસિડેન્ટ કેનેડા આઈ.એસ.એસ.ઓ.)એ કર્યું હતું. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સમગ્ર આયોજન કર્યું તો મહિલા મંડળે રોટલા બનાવવાની સેવાથી લઈ રસોડામાં તમામ સેવા બજાવી. (રસિકભાઈ પટેલ, સેક્રેટરી આઈ.એસ.એસ.ઓ. કેનેડા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર (યુ.કે.)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે લેસ્ટર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસ દરમ્યાન દર શનિ-રવિના એક કલાકની સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવતી હતી. તા. ૧૨-૧-૧૪ મકર સંક્રાંતિના ૪ કલાકની અખંડ ધૂન પ.ભ. કરશનભાઈ પરમાર પરિવારના યજમાન પદે થઈ હતી. ૫૨ જેટલા ભાવિક ભક્તો ધૂનમાં યજમાન બન્યા હતા. અમદાવાદ મંદિર ધનુર્માસ માસિક ધૂનના અહીંથી ૪૩ હરિભક્તો યજમાન બન્યા હતા. (કિરણ ભાવસાર)

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૭૭૭/- મૂળજીભાઈ કાચા ટેલર શ્રીજી પ્રસન્નાર્થે લેસ્ટર (યુ.કે.)
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ ધૂળકોટ-નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ દહેગામ
માસિક પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/- અ.નિ. પરમાર અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે જાંબુડી
૧૦૧/- પટેલ સવિતાબેન મનસુખભાઈ શ્રીજી પ્રસન્નાર્થે હઠીપુરા
૫૦૦/- પરમાર ઘનશ્યામ જગદીશ ધૂળકોટ-નાઈરોબી
તા. ૨૧-૧-જન્મ દિને શ્રીજી પ્રસન્નાર્થે
૫૦૦/- નટવરલાલ કાંતિલાલ વડુ
ડે. રજીસ્ટારનું પ્રમોશન અને નવી ગાડી નિમિત્તે
૨૫૦/- પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ ઝુલાસણ
ચિ. ભાણો સંદિપના લગ્ન પ્રસંગે
૧૦૦/- પટેલ પરાગ યશોધર અસલાલી
ઓસ્ટ્રેલીયા પી.આર. થયા તે નિમિત્તે
૧૧૧/- ગજ્જર જગદીશભાઈ કુબેરદાસ નવી ગાડી નિમિત્તે ઝુલાસણ
૫૦૧/- પટેલ શૈલેષભાઈ આર. ચિ. હર્ષના જન્મ પ્રસંગે ચડાસણા
૧૦૦/- પટેલ અંબાલાલ વિઠ્ઠલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૧૦૧/- ઠક્કર હર્ષદભાઈ પોપટલાલ જન્મ દિને અમદાવાદ
૧૦૧/- પટેલ કેવલ નટવરભાઈ જન્મ દિને ચાંદખેડા
૧૦૧/- પટેલ હિતેનકુમાર જશવંતભાઈ જન્મદિને ગાંધીનગર
૧૦૦/- પટેલ વીણાબેન જગદીશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૦/- જાકાસણીયા લલ્લુભાઈ દેવકરણભાઈ પુણ્ય તિથિ નિમિત્તે જેતપર
૫૦૦/- પટેલ વિરલ કે. નવી ગાડી લાવ્યા તે નિમિત્તે નવા વાડજ
૧૦૧/- પટેલ વિશાલ હસમુખભાઈ પગાર વધારા નિમિત્તે દહેગામ
૧૦૦/- પટેલ પ્રાંશુ હર્ષદભાઈ જન્મ દિન નિમિત્તે દહેગામ
૨૫૧/- સોની જગદીશભાઈ નાનજીભાઈ અમદાવાદ
શ્રી સ્વામિનારાયણ મહામંત્રના જાપ નિમિત્તે
૧૫૧/- પટેલ વિનુભાઈ અંબાલાલ ચિ. સુહાગના લગ્ન નિમિત્તે ગવાડા
૫૦૦/- પિંડોરીયા પ્રવિણ નારણ રામજી પ.પૂ. આચાર્ય દહીંસરા-કચ્છ
મહારાજશ્રીની પોતાના ઘરે પધરામણી નિમિત્તે
૧૦૧/- કા. બિપીનચંદ્ર શાંતિલાલ ચિ. હરિનું સ્વાસ્થ્ય સારું બાલાસિનોર
થયું તે નિમિત્તે
૧૦૧/- પટેલ કોમલબેન મહેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લાલોડા
૧૦૦૦/- પટેલ રસિકભાઈ શીવાભાઈ ચિ. જયના લગ્ન પ્રસંગે કેનેડા
૩૦૧/- અડાલજા ભવ્ય મિતેશભાઈ રતનપર
ઓપરેશન સફળ થયું તે નિમિત્તે
૨૦૧/- પટેલ દિનેશભાઈ શાંતિલાલ ચિ. પંક્તિના લગ્ન પ્રસંગે ગાંધીનગર
૨૦૦/- પટેલ રમણભાઈ પ્રહલાદભાઈ ઝુલાસણ
પૌત્રી કેયા અને જીલના જન્મ દિને
૧૦૦/- પટેલ કાંતાબેન રમણલાલ પૌત્ર જયના જન્મ દિને ઝુલાસણ
૧૦૧/- ભાવસાર ભગવતીબેન અમદાવાદ
ચિ. જય કેનેડા અભ્યાસાર્થે ગયો તે નિમિત્તે
૨૦૦/- પટેલ વિરમભાઈ ધરમાભાઈ ડેમાઈ
પૌત્ર હિરમય અને મેઘના જન્મ દિને
૧૫૦/- શેઠ યોગેશ રમણલાલ ગાડી, ટી.વી. લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૫૦૧/- પટેલ ભાવેશ મહાદેવભાઈ ચિ. કનિષાના જન્મ દિને અમદાવાદ
૨૫૧/- મોદી ધારક સુરેશભાઈ અમેરિકામાં જોબ નિમિત્તે સાબરમતી
૧૧૧/- મોદી મધુબેન પ્રહલાદભાઈ સાબરમતી
તિરૂપતિ-રામેશ્વર જાત્રા નિમિત્તે
૧૧૧/- અ.નિ. ચંચળબેન રણછોડલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૦/- રસિકભાઈ એમ. ભગત ભજન સ્મરણ નિમિત્તે ગોવિંદપુરાવેડા
૧૦૧/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ ધનુર્માસ નિમિત્તે બાવળા
૧૦૦/- દેસાઈ વિસ્મય ગીરીશભાઈ એનફીલ્ડ લાવ્યા તે નિમિત્તે વડોદરા
૨૫૨/- ખરે ભરતભાઈ ધીરૂભાઈ બળોલભાલ
પુત્ર જન્મ અને આચાર્યશ્રી તરીકે પ્રમોશન નિમિત્તે
૧૦૧/- ભાવસાર મહેન્દ્રભાઈ છોટાલાલ જન્મ દિને અમદાવાદ
૧૦૧/- કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૨૫૧/- પટેલ સુરેશભાઈ કાંતિલાલ વિહાર
તેમના માતુશ્રી રઈબેનના સ્મરણાર્થે
૧૦૧/- પટેલ સંગીતાબેન એ. નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૧૧/- વાઘેલા ઉમેદસંગ લાલજીભાઈના સ્મરણાર્થે ગોધાવી
૧૧૧/- વાઘેલા ધનશ્યામસિંહ (લાખાભાઈ)ના સ્મરણાર્થે ગોધાવી
૧૧૧/- અ.નિ. વાઘેલા રમેશભાઈ અર્જુનસિંહના સ્મરણાર્થે ગોધાવી
૧૧૧/- અ.નિ. વાઘેલા અશોકસિંહ શાંતુભાના સ્મરણાર્થે ગોધાવી
૧૧૧/- અ.નિ. વાઘેલા પથુભા જસુભા ગોધાવી
(તા. ૨૧-૧૧-૧૩) ના સ્મરણાર્થે
૨૫૧/- ચાવડા માવજીભાઈ મોહનભાઈ બળોલ-ભાલ
ચિ. વિજયને ત્યાં પુત્રી મોનાલીના જન્મ પ્રસંગે
૨૫૧/- ચાવડા માવજીભાઈ મોહનભાઈ બળોલ-ભાલ
ચિ. સંજય (સીડની) ને ત્યાં પુત્ર યશના જન્મ પ્રસંગે
૧૦૧/- ખટાણા ધિરેન લાલજીભાઈ બળોલ-ભાલ
ધો.-૧૨ માં સે.૩ માં ૮૫ ટકા નિમિત્તે
૧૦૧/- પટેલ સ્મિત પંકજકુમાર જન્મ દિને હાંસોલ
૧૫૧/- પટેલ દિશાબેન મુકેશભાઈ શુભ લગ્ન પ્રસંગે ચલોડા
૧૦૦/- પટેલ મીનાબેન ચિ. પ્રજ્ઞેશ અમેરિકા ગયો તે નિમિત્તે ન્યુ રાણીપ
૧૦૦/- પટેલ ઈશ્વરભાઈ મોતીદાસ ધનુર્માસ નિમિત્તે વાગોસણા
૧૦૧/- પટેલ વસંતીબેન બળદેવભાઈ નાયકપુર
ચિ. દિવ્યેશને સરકારી જોબ નિમિત્તે
૧૦૧/- પટેલ બળદેવભાઈ પોપટભાઈ નાયકપુર
ચિ. જયમીનને પ્રમોશન નિમિત્તે
૧૦૧/- પટેલ વિરેનકુમાર કનૈયાલાલ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- ભાવસાર પ્રણવ ધનશ્યામભાઈ પુત્ર જન્મ પ્રસંગે વડનગર
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૧/- પટેલ લીલાબેન રસિકભાઈ ચિ. પ્રેસીના જન્મ દિને મારૂસણા
૨૦૨/- પટેલ મૃગેશભાઈ મગનભાઈ ભડાણા
ઓસ્ટ્રેલીયા સીટીઝન થયા, મકાન નિમિત્તે
૧૧૦૦/- પટેલ મહેન્દ્રભાઈ મણીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ચાંદખેડા
૧૦૧/- પટેલ ભાગર્વ નટવરભાઈ ચિ. જીયાનના જન્મ દિને મુબારકપુર
૧૦૧/- પટેલ પંકિત નટવરભાઈ ચિ. યાનાના જન્મ દિને મુબારકપુરા
૨૦૧/- પટેલ આરાધ્યાબેન સાવનભાઈ જન્મ દિને અસલાલી
૨૫૧/- પટેલ પ્રવિણભાઈ ભેમદાસ ચિ. રાજનના લગ્ન પ્રસંગે વડુ
૧૦૦/- ટાંક બિપીનભાઈ મનસુખભાઈ ચિ. નિમેષના જન્મ દિને મુંબઈ
૧૦૦/- ટાંક અંકિત બિપીનભાઈ ધનુર્માસ નિમિત્તે મુંબઈ
૧૦૦/- ટાંક નિયતિ પ્રવિણભાઈ ધનુર્માસ નિમિત્તે નાલાસોપારા
૨૦૧/- પટેલ અમરતભાઈ એચ. દેઉસણા
ચિ. વિજયભાઈ કેનેડામાં ફાર્મસી પાસ નિમિત્તે
૧૫૦/- પટેલ અંબાલાલ પૂંજાભાઈ ૮૪ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે દેઉસણા
૨૦૧/- કા. ઘનશ્યામભાઈ ચુનીલાલ નવી દુકાન કરી તે નિમિત્તે કોઠંબા
૧૦૧/- પટેલ વિષ્ણુભાઈ કેશવલાલ દુબઈ ટુર નિમિત્તે વહેલાલ
૧૦૧/- પટેલ દક્ષાબેન વિષ્ણુભાઈ દુબઈ ટુર નિમિત્તે વહેલાલ
૧૦૦/- વાલાણી નિતીન જે. અને મમતા જન્મ દિને લંડન
૧૦૦/- પટેલ વિરેન મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૧૦૦/- પટેલ કિંજલ મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૧૦૦/- બૂટીયા ધર્મરાજ ગણેશભાઈ જન્મ દિન પ્રસંગે ૧૧-૧ કાલીયાણા
૧૦૦/- બૂટીયા ડાહ્યાભાઈ ચેલાભાઈ જન્મ દિન નિમિત્તે ૧૪-૧ કાલીયાણા
૧૦૧/- વાઘેલા હેમુભા કરશનજી શ્રીજી પ્રસન્નાર્થે બામણવા

૨૦૦/- પટેલ દિશા રવિકુમાર શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૨૦૦/- પટેલ એકતા જીતેશકુમાર સુમનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમેરિકા
૧૦૧/- વાઘેલા આનંદબા ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા અમરબા નવલસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા મહેન્દ્રસિંહ ભાવુભા શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા મનહરબા મહેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- પટેલ ભગવાનભાઈ પરસોતમભાઈ ગોઠીબ
નવા મકાનના ખાત મુહૂર્ત નિમિત્તે
૧૦૧/- અ.નિ. કાચા મહેશ વાઘજીભાઈના સ્મરણાર્થે ધૂળકોટ
૧૦૦/- ચાવડા કુલદિપ અરવિંદ જન્મ દિને ધૂળકોટ
૧૦૧/- વરૂ હિતેષ નારણભાઈ બાઈક લાવ્યા તે નિમિત્તે સુરત
૧૦૧/- વરૂ દિપ્તીબેન હિતેષભાઈ જન્મ દિને સુરત
૧૦૧/- રાઠોડ મનસુખ જીવરાજ ધૂળકોટ
તેમના પિતાશ્રીની પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/- પોરીયા સાલીન વી. જન્મ દિને ધૂળકોટ
૧૦૧/- પોરીયા આરવ અશ્વિન જન્મ દિને ધૂળકોટ
૧૦૦/- વાઘેલા આકાશ શિવસિંહ જન્મ દિને ગરોડીયા
૧૦૦/- પટેલ રાજુમતીબેન પિનેશભાઈ નાંદોલ
નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ અંજનાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૫૦૧/- દેસાઈ ગીતાબેન મધુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ ભાવેશભાઈ વિષ્ણુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા

૧૦૦/- ચૌહાણ રમેશચંદ્ર જીવરામભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- ચૌહાણ કાજલબેન ભીખાજી લગ્ન પ્રસંગે ટાંકીયા
૧૦૦/- ચૌહાણ પિનલબેન ભીમાજી લગ્ન નિમિત્તે ટાંકીયા
૧૦૧/- પટેલ પિયુષકુમાર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૦/- પટેલ વિષ્ણુભાઈ મણીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- કા. કલ્પેશકુમાર મોહનલાલ ચિ. વિંજલના લગ્ન નિમત્તે કોઠંબા
૧૦૧/- પટેલ નીમાબેન કમલેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૫૧/- પટેલ હરજીવનભાઈ રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ રમેશચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ પ્રવિણચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- ગં.સ્વ. ડહીબેન નટવરભાઈ પુણ્ય તિથિ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ખેર નાનુભાઈ ઠાકરસીભાઈ સાયલા
ચિ. તૃપ્તિબેનને ત્યાં ભાણીબાના જન્મ પ્રસંગે
૧૦૧/- ભાવસાર તીર્થ ગૌરાંગ જન્મ દિને ઓસ્ટ્રેલીયા
૧૦૦/- ચાવડા કાલજબેન ભીમાભાઈ શુભ લગ્ન પ્રસંગે બળોલ-ભાલ
૧૦૦/- અ.નિ. માણેકબેન તથા દયાશંકર ત્રિવેદીના સ્મરણાર્થે બાલાસિનોર
૧૫૧/- ડૉ. મૌલિક એમ. પટેલ ચિ. ધ્રુવની સાકર તુલા નિમિત્તે અમેરિકા
૧૦૦/- પટેલ પિનાકીનભાઈ લવજીભાઈ સાયરા
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ રામાભાઈ સોમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૦૦/-ચૌધરી ટ્રોય સમીરભાઈ બાબરી નિમિત્તે બાલવા એલ.એ.
૨૦૦/- પટેલ દિનાબેન જે. શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૨૦૦/- પટેલ અક્ષય વિનોદભાઈ જન્મ દિને રાણીપ
૨૦૦/- પટેલ લલીતાબેન ઈશ્વરભાઈ પુણ્ય તિથિ નિમિત્તે ભાત

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**ગાંધીનગર :** પ.ભ. સુરેશભાઈ કાંતિલાલના માતુશ્રી રઈબેન તા. ૨૯-૧૨-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**લૂઈસટન (અમેરિકા) :** પ.ભ. નારાયણ અને રૂપેશના પિતાશ્રી પ.ભ. લક્ષ્મીપ્રસાદ હરિપ્રસાદ જોશી (ઉ. ૮૪ વર્ષ) તા. ૧૭-૧-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ધ્રાંગધ્રા :** પ.ભ. સોની સતીષભાઈના પિતાશ્રી પ.ભ. આડેસરા નાનુભાઈ તા. ૩-૧૨-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**હરિપર (ધ્રાંગધ્રા) :** પ.ભ. પ્રેમજીભાઈના માતુશ્રી ઉજીબેન તા. ૯-૧-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**હરિપર (ધ્રાંગધ્રા) :** પ.ભ. ઘનશ્યામભાઈ પ્રભુભાઈ પટેલ તા. ૧૨-૧૨-૨૦૧૩ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ગોધાવી :** પ.ભ. પથુભા જસુભા વાઘેલા તા. ૨૧-૧૧-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**મેઘપર (કચ્છ) :** પ.ભ. ધનજીભાઈ હાલાઈના (હાલ પર્થ ઓસ્ટ્રેલીયા) પિતાશ્રી શ્રીહરિના પરમ ઉપાસક પ.ભ. નાનજી રવજી હાલાઈ (ઉ. ૮૨ વર્ષ) તા. ૧-૧-૧૪ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ (નારણપુરા) :** પ.ભ. વિઠ્ઠલદાસ બેચરદાસ તા. ૧૩-૧-૧૪ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**વહેલાલ :** પ.ભ. પરસોતમભાઈ શીવાભાઈ પટેલ તા. ૧૨-૧-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ (જીવરાજપાર્ક) :** પ.ભ. શાંતિભાઈ ખેતસીભાઈ સોની તા. ૬-૧-૧૪ ના (પ.ભ. જયંતીભાઈ કે. સોની (લેખકશ્રી)ના મોટા ભાઈ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**રાયસંગપર (તા. હળવદ - મૂળી દેશ) :** મૂળી શ્રી રાધાકૃષ્ણ દેવના ખૂબજ નિષ્ઠાવાન પ.ભ. સવજીભાઈ નથુભાઈ મોરી તા. ૧૧-૧-૧૪ ને પોષ સુદ-૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ (ઉવારસદવાળા) :** પ.ભ. પુષ્પાબેન (પ્રફુલ્લાબેન) શરદચંદ્ર પટેલ તા. ૨૪-૧-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**લવારપુર (જી. ગાંધીનગર) :** પ.ભ. કિરીટભાઈ, રજનીભાઈ અને જનકભાઈના માતુશ્રી પટેલ કંકુબેન ગોકળદાસ તા. ૧૦-૧-૧૪ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.






















૧. ભાટેરા નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૨.માણેકપુરમાં કથા પારાયણ પ્રસંગે સભામાં દર્શન આપતા પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૩. મહાદેવનગર મંદિરમાં શાકોત્સવ કરતા પ.પૂ.મહારાજશ્રી સાથે મહંત સ્વામી.૪. મહેસાણા મંદિરમાં શાકોત્સવ દર્શન.૫ ઉવારસદ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.મહારાજશ્રી. ૬ માધવગઢ મંદિરમાં પ.પૂ.લાલજી મહારાજશ્રીની આરતી ઉતારતા યજમાન પરિવાર. ૭. મોટેરા ગામે કથા પારાયણ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.મહારાજશ્રી. ૮. આમજા ગામે કથા પારાયણ પ્રસંગે સભામાં દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી.

Registered under RNI-GUJGUJ/2007/20221 "Permitted to post at Ahd PSO on 11 the every month under postal REG. NO. GAMC.- 003/12-14 issued ssp Ahd Valid up to 31-12-2014 Licenced to Post without pre payment No.CPMG/GJ/01/2012 valid up to 30-06--2014













૧. સદીનો મહાનાયક અમિતાભ બચ્ચન મહા પ્રતાપી દેવ શ્રી નરનારાયણદેવના દર્શને પધાર્યા ત્યારે મહંત સ્વામી તથા પૂ.બ્ર.સ્વામી રાજેશ્વરાનંદજી ફૂલહારથી સ્વાગત કરતા. ૨.અમદાવાદ મંદિરમાં વસંત પંચમીના શ્રી શિક્ષાપત્રીનું પૂજન કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી. ૩. ટોરેન્ટો કેનેડા મંદિરમાં શાકોત્સવ દર્શન ૪. નારણઘાટ મંદિર શાકોત્સવ કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી .

Jagadish Offset

Praful Kharsani